NAVSARJAN SANSKRUTI RNI No. GUJGUJ/2016/70752

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 09
Issue : 105
Dt.: 19-02-2025,
Wednesday
Page:04
Rs.00.50 paisa

EDITOR : RAGINI JIGNESHKUMAR VAGHELA Regd. Office : B/13, Sneh Plaza Shopping Centre, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Gujarat, India.

Phone : 76983 33307 (M) 84859 51747, 70963 33307 ● Email : navsarjansanskruti2016@gmail.com ● Email : navsarjansanskruti2016@yahoo.com ● Website : www.navsarjansanskruti.com

### સાઉદી અરેબિયામાં મીટિંગ બાદ રશિયાનું મોટું નિવેદન

# જરૂર પડશે તો ઝેલેંસ્કી સાથે સીધા જ વાત કરશે પુતિન

### જોકે આ દરમિયાન રશિયાએ યુક્રેન પ્રમુખ તરીકે ઝેલેંસ્કીની કાયદેસરતા પર પણ સવાલ ઊભા કર્યા છે



(સંપૂર્ણ સમાચાર સેવા)મોસ્કો

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની સત્તામાં એન્ટ્રી બાદ ગત ત્રણ વર્ષથી ચાલી રહેલા રશિયા-યુક્રેન યુદ્ધમાં નવો વળાંક આવતો નજર આવી રહ્યો છે. રશિયાએ આ યુદ્ધને લઈને મંગળવારે મોટું નિવેદન આપ્યું છે. ક્રેમલિને મંગળવારે કહ્યું છે કે રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિન જરૂર પડ્યા પર વોલોડિમિર ઝેલેંસ્કી સાથે વાત કરવા માટે તૈયાર છે. જોકે આ દરમિયાન રશિયાએ યુક્રેન પ્રમુખ તરીકે ઝેલેંસ્કીની કાયદેસરતા પર પણ સવાલ ઊભા કર્યા છે. સુરક્ષાના વ્યાપક મુદ્દે વાત કર્યા વિના યુક્રેન યુદ્ધનો કોઈ ઉકેલ નીકળી શકશે નહીં.

મંગળવારે ક્રેમલિનના પ્રવક્તા દિમિત્રી પેસકોવે મીડિયા સાથે વાતચીત દરમિયાન કહ્યું, પુતિને પોતે કહ્યું છે કે જો જરૂર પડી તો તે ઝેલેંસ્કીની સાથે વાતચીત કરવા માટે તૈયાર છે. જોકે કરારના કાયદેસર આધાર પર ચર્ચાની જરૂર છે કેમ કે હકીકત એ છે કે ઝેલેંસ્કીની કાયદેસરતા પર સવાલ ઉઠાવવામાં આવી શકે છે. રાષ્ટ્રપતિના રૂપમાં ઝેલેંસ્કીનો પાંચ વર્ષનો કાર્યકાળ ગયા વર્ષે ખતમ થઈ ગયો હતો. જોકે યુક્રેની કાયદા અનુસાર માર્શલ લો લાગુ રહેતા રાષ્ટ્રપતિ ચૂંટણી આયોજિત કરાવવાની જરૂર હોતી નથી. રશિયાએ ઘણા અવસરે આની પર સવાલ ઉઠાવ્યા છે અને એટલે સુધી કહ્યું છે કે રશિયા તેમને કાયદેસરના રાષ્ટ્રપતિ તરીકે જોતું નથી. આ દરમિયાન રશિયાએ એ પણ કહ્યું કે રશિયા યુક્રેનને યુરોપીય સંઘમાં સામેલ થવાથી રોકશે નહીં. અમે યુક્રેનનો નાટોનો ભાગ બનવાનો વિરોધ કરતા રહીશું. યુક્રેનના યુરોપીય સંઘમાં સામેલ થવાના સંબંધમાં રશિયાને કોઈ વાંધો નથી. આ કોઈ પણ દેશનો સાર્વભૌમ અધિકાર છે. કોઈ પણ બીજા દેશને આદેશ આપી શકતાં નથી અને અમે આદેશ આપવાનું આયોજન બનાવી રહ્યાં નથી પરંતુ જ્યારે સુરક્ષાનો મુદ્દો અને સૈન્ય ગઠબંધનોની વાત આવે છે તો એ સંપૂર્ણ રીતે અલગ છે. અહીં અમારો એક અલગ દ્રષ્ટિકોણ છે જે સામે છે. આ પહેલા અમેરિકા અને રશિયાના અધિકારીઓએ મંગળવારે સાઉદી અરેબિયામાં એક હાઈ પ્રોફાઈલ મીટિંગ કરી છે. આ બેઠકમાં યુક્રેનમાં ચાલી રહેલા યુદ્ધને ખતમ કરવા અને સંબંધોને સારા બનાવવા માટે વાતચીત શરૂ કરવામાં આવી છે. રિયાધના દિરિયાહ પેલેસમાં થયેલી આ બેઠક ટ્રમ્પ તંત્ર દ્વારા રશિયાને અલગ કરવાની અમેરિકન નીતિને બદલવાની દિશામાં વધુ એક મહત્ત્વપૂર્ણ પગલું છે. તેનો હેતુ અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનની વચ્ચે વાતચીતનો માર્ગ બનાવવાનો પણ છે. જોકે યુક્રેનના અધિકારીઓએ બેઠકમાં ભાગ લીધો નથી. યુક્રેનના પ્રમુખ વોલોદિમિર ઝેલેંસ્કીએ સોમવારે કહ્યું છે કે જો યુક્રેન કોઈ ચર્ચામાં ભાગ નહીં લે તો વાતચીતનું કોઈ પણ પરિણામ અમને સ્વીકાર હશે નહીં.

### વિદ્યાર્થીઓને બળજબરીથી કેમ્પસ બહાર કાઢી મૂકતાં વિવાદ

## યુનિવર્સિટીમાં નેપાળની વિદ્યાર્થિનીના આપઘાતથી છાત્રાઓમાં ભારે રોષ

### પીડિતાનો રૂમમાં સીલ કરી દેવામાં આવ્યો અને પરિવારના સભ્યોને જાણ કરવામાં આવી છે, પોલીસે આરોપીની ધરપકડ કરી લીધી છે

(સંપૂર્ણ સમાચાર સેવા) ભુવનેશ્વર

ઓડિશાના ભુવનેશ્વરની કેઆઈઆઈટી યુનિવર્સિટીમાં બબાલ પેદા થઈ છે. ગર્લ્સ હોસ્ટેલમાં થર્ડ યર બી.ટેક (મિકેનિકલ)માં અભ્યાસ કરતી ૨૦ વર્ષીય વિદ્યાર્થિની પ્રકૃતિ લમ્સાલે રવિવારે રાત્રે કથિત રીતે આપઘાત કર્યો છે. આ ઘટનાના કેટલાક કલાક પછી યુનિવર્સિટીના વહીવટી તંત્રે એક વિવાદિત નિર્ણય લઈને તમામ નેપાળી વિદ્યાર્થીઓને તાત્કાલિક પરિસર ખાલી કરવાનો આદેશ આપ્યો છે. નેપાળી વિદ્યાર્થીઓને ઉતાવળમાં સામાન પેક કરીને વગર ટિકિટે બસો અને ટ્રેનોમાં બેસાડીને રવાના કરી દેવામાં આવ્યા હતા. યુનિવર્સિટીના આ નિર્ણયને લીધે વિદ્યાર્થીઓમાં અફરા-તફરી અને ભયનો માહોલ પેદા થયો છે. નેપાળના વડાપ્રધાન કે પી શર્મા ઓલીએ દરમિયાનગીરી કરવી પડી છે. તેમણે નેપાળના દૂતાવાસથી બે અધિકારીઓને નેપાળના વિદ્યાર્થીઓના કાઉન્સિલિંગ માટે મોકલ્યા છે.

આ દરમિયાન કેઆઈઆઈટી ડિમ્ડ યુનિવર્સિટીના અસંખ્ય વિદ્યાર્થીઓએ સોમવારે સવારે કોલેજની સામે ઉગ્ર દેખાવો કર્યા હતા અને આક્ષેપ લગાવ્યા હતા કે અધિકારીઓએ એક મહિના પહેલા મૃતક વિદ્યાર્થી નોંધાવેલી ફરિયાદની ધ્યાને લીધી ન હતી. પોલીસના અધિકારીઓના મતે પ્રથમ દૃષ્ટિએ આપઘાતનો મામલો છે. ભુવનેશ્વરના ડીસીપી પિનાક મિશ્રાએ કહ્યું કે આપઘાત માટે ઉશ્કેરવામાં કથિત ભૂમિકા નિભાવનાર આરોપી યુવક અદ્વિક શ્રીવાસ્તવની અટકાયત કરવામાં આવી છે. શ્રીવાસ્તવ કેટલાય મહિનાથી પીડિતાને પરેશાન કરી રહ્યો હતો. આ પરેશાનીને લઈને પીડિતા(વિદ્યાર્થિની) માનસિક તણાવમાં રહેતી હતી અને તેણીએ યુનિવર્સિટીના ઈન્ટરનેશનલ રિલેશન્સ(આઈઆર) વિભાગ પાસે મદદ માંગી હતી, પરંતુ પીડિતાને યુનિવર્સિટી તરફથી કોઈ મદદ મળી નહીં. આ મામલામાં મીડિયા કર્મીઓ સાથેની વાતચીતમાં કેઆઈઆઈટી યુનિવર્સિટીના રજિસ્ટ્રાર જ્ઞાન રંજન મોહંતીએ કહ્યું કે પીડિતા આરોપી સાથે સંબંધમાં હતી. એ પોતાના સાથી(આરોપી) સાથેના તણાવપૂર્ણ સંબંધોને લીધે તણાવમાં રહેતી હતી, જેના કારણે તેણીએ આ પગલું ભર્યું. પીડિતાનો રૂમમાં સીલ કરી દેવામાં આવ્યો અને પરિવારના સભ્યોને જાણ કરવામાં આવી છે. પોલીસે આરોપીની ધરપકડ કરી લીધી છે.

### ઈમરજન્સી સર્વિસની ટીમો ઘટનાસ્થળે

## ટોરોન્ટો એરપોર્ટ પર લેન્ડીંગ વખતે વિમાન ક્રેશ, ૧૮ લોકો ઈજાગ્રસ્ત



(સંપૂર્ણ સમાચાર સેવા)ટોરોન્ટો

ડેલ્ટા એરલાઈન્સની ફ્લાઈટ નંબર ૪૮૧૯ને લેન્ડીંગ વખતે અકસ્માત નડ્યો છે.

આ ફ્લાઈટ મિનિયાપોલિસ-સેન્ટ પોલ એરપોર્ટથી ટોરેન્ટ પિયર્સન આંતરરાષ્ટ્રીય એરપોર્ટ તરફ જઈ રહી હતી. જોકે ટોરોન્ટો પિયર્સન એરપોર્ટ પર લેન્ડીગ વખતે અકસ્માતનો ભોગ બની હતી. વિમાનમાં ૮૦ લોકો સવાર હતા, જેમાંથી ૭૬ મુસાફરો અને ૪ ચાલક દળના સભ્યો હતા. વિમાનમાંથી તમામ મુસાફરોને સુરક્ષિત રીતે બહાર કાઢી લેવામાં આવ્યા છે, આ દુર્ઘટનામાં ૧૮ લોકોને ઈજા પહોંચી છે.

કેનેડાના હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ૬૫ કિલો મીટરની ઝડપે પવન ફૂંકાઈ રહ્યો હતો. જેના લીધે વિમાનને અકસ્માત નડ્યો હોવાનું અનુમાન છે. જોકે હજુ સુધી અકસ્માતનું ચોક્કસ કારણ જાણી શકાયું નથી. હાલમાં યુએસ નેશનલ ટ્રાન્સપોર્ટેશન સેફ્ટી બોર્ડ મદદે પહોંચી ગયું છે. રોયટર્સના રિપોર્ટ અનુસાર ઘટનાસ્થળ પર હાજર પેરામેડિકલ સ્ટાફે પુષ્ટિ કરી છે કે આ અકસ્માતમાં બે મુસાફરોને ગંભીર ઈજાઓ પહોંચી છે, જ્યારે અન્ય મુસાફરોને નાની મોટી ઈજાઓ પહોંચી છે. ટોરોન્ટોના પિયર્સન ઈન્ટરનેશનલ એરપોર્ટે આ ઘટનાને લઈને ઠ પર એક પોસ્ટમાં લખ્યું છે કે ‘અમે મિનિયાપોલિસથી આવનાર ડેલ્ટા એરલાઈન્સના વિમાન સાથે સંકળાયેલી એક ઘટનાથી માહિતગાર છીએ, અને ઈમરજન્સી ટીમો રાહત અને બચાવ કાર્યમાં જોડાઈ ગઈ છે. તમામ મુસાફરો અને ચાલક દળનું

**ડેલ્ટા એરલાઈન્સની ફ્લાઈટ નંબર ૪૮૧૯ને લેન્ડીંગ વખતે અકસ્માત નડ્યો**

ધ્યાન રાખવામાં આવી રહ્યું છે.’ પીલ સ્થાનિક પોલીસના કોન્સ્ટેબલ સારા પૈટને અકસ્માત સંબંધિત માહિતી આપતાં કહ્યું હતું કે ‘એક વિમાન દુર્ઘટના સર્જાઇ છે. મારી જાણકારી અનુસાર મોટાભાગના મુસાફરો સુરક્ષિત છે અને તેમને પ્લેનમાંથી બહાર કાઢી લેવામાં આવ્યા છે. દુર્ઘટનાગ્રસ્ત વિમાનના ઘણા વીડિયો સોશિયલ મીડિયા પર સામે આવ્યા છે, જેમાં વિમાન પલટી ખાઇ ગયેલું જોવા મળે છે અને ઈમરજન્સી સર્વિસની ટીમો રેસ્ક્યૂ કરી રહી છે. રનવેની ચારેય તરફ બરફ પડેલો જોવા મળે છે. આ ઘટનાના કારણે ટોરોન્ટો પિયર્સન એરપોર્ટ પરથી ઉડાણ ભરનાર ૪૦ વિમાનો મોડા પડશે. જાણકારી અનુસાર ફ્લેપ એક્ટ્યૂએટરમાં ખામીના કારણે વિમાન પલટી ખાઈ ગયું છે.

### RPF ના રિપોર્ટમાં ધડાકો કરાયો

## નવી દિલ્હી રેલવે સ્ટેશન પર થયેલી નાસભાગમાં તંત્રની જ બેદરકારી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

નવી દિલ્હી રેલવે સ્ટેશન પર શનિવારે રાત્રે થયેલી નાસભાગ અંગે આરપીએફએ રિપોર્ટ તૈયાર કર્યો છે. રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે રેલવેની જાહેરાત બાદ પ્લેટફોર્મ નંબર ૧૨-૧૩ થી ૧૬ સુધી મુસાફરોની ભીડ દોડવા લાગી હતી, જેના કારણે પ્લેટફોર્મ નંબર ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬ તરફ જતા રસ્તાઓ સંપૂર્ણ રીતે બ્લોક થઈ ગયા હતા.

સ્ટેશન પર સતત વધી રહેલી ભીડને ધ્યાનમાં રાખીને RPF ઈન્સ્પેક્ટરે સ્ટેશન ડાયરેક્ટરને સ્પેશિયલ ટ્રેન ઝડપથી દોડાવવાની સલાહ આપી હતી. અહેવાલમાં જણાવાયું છે કે નાસભાગ રાત્રે ૮:૪૮ કલાકે થઈ હતી. નાસભાગ બાદ રાહત સહાય પૂરી પાડવામાં ૪૦ મિનિટથી વધુનો વિલંબ થયો હતો.

આરપીએફના રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે શનિવારે રાત્રે ૮ વાગ્યે પ્લેટફોર્મ નંબર ૧૨ પરથી શિવગંગા એક્સપ્રેસ રવાના થયા બાદ પ્લેટફોર્મ પર મુસાફરોની ભારે ભીડ એકઠી થવા લાગી, જેના કારણે પ્લેટફોર્મ નંબર ૧૨, ૧૩, ૧૪, ૧૫,૧૬ તરફ જતા રસ્તાઓ સંપૂર્ણપણે જામ થઈ ગયા હતા.

આ પછી, RPF ઈન્સ્પેક્ટરે સ્ટેશન ડિરેક્ટરને સ્પેશિયલ ટ્રેન ઝડપથી ચલાવવાની સલાહ આપી

**ભીડને ધ્યાનમાં રાખીને RPF ઈન્સ્પેક્ટરે સ્ટેશન ડાયરેક્ટરને સ્પેશિયલ ટ્રેન ઝડપથી દોડાવવાની સલાહ આપી હતી**

અને પ્રયાગરાજ માટે દર કલાકે ૧૫૦૦ ટિકિટ વેચતી રેલવે ટીમને તરત જ ટિકિટનું વેચાણ બંધ કરવા કહ્યું હતું. આરપીએફના રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે સીસીટીવી ફૂટેજમાં વધતી ભીડ જોયા બાદ સ્ટેશન ડાયરેક્ટરને ટિકિટ આપવાનું બંધ કરવા માટે કહેવામાં આવ્યું હતું.

રિપોર્ટ અનુસાર, જ્યારે RPF સ્ટાફ ૮:૪૫ વાગ્યે ગીચ FOB 2 અને ૩ ને ખાલી કરવાનો પ્રયાસ કરી રહ્યો હતો, ત્યારે એક જાહેરાત કરવામાં આવી હતી કે કુંભ સ્પેશિયલ ટ્રેન પ્લેટફોર્મ નંબર ૧૨ થી રવાના થશે. થોડા સમય પછી, સ્ટેશન પર ફરીથી જાહેરાત થઈ કે કુંભ સ્પેશિયલ ટ્રેન પ્લેટફોર્મ નંબર ૧૬ પરથી રવાના થશે. જે બાદ મુસાફરોમાં નાસભાગ મચી ગઈ હતી. આરપીએફના જણાવ્યા અનુસાર, ડ્યુટી સ્ટેશન ઈન્ચાર્જને રાત્રે ૮:૪૮ કલાકે નાસભાગની જાણ થઈ હતી. રેલ્વે દ્વારા કરવામાં આવેલી જાહેરાત સાંભળીને, પ્રયાગરાજ સ્પેશિયલના મુસાફરોએ પ્લેટફોર્મ ૧૨-૧૩ અને ૧૪-૧૫ પરથી સીડીઓ દ્વારા ફૂટ ઓવર બ્રિજ ૨ અને ૩ પર ચઢવા માટે દોડવાનું શરૂ કર્યું હતું. દરમિયાન બીજી ટ્રેનના મુસાફરો સીડી પરથી ઉતરી રહ્યા હતા, ત્યારે તેમની વચ્ચે બોલાચાલી થઈ હતી અને આ અંધાધૂંધીમાં કેટલાક લોકો લપસીને પડી ગયા હતા, જેના કારણે નાસભાગ મચી ગઈ હતી. આ અકસ્માત રાત્રે ૮.૪૮ કલાકે થયો હતો. આ નાસભાગ પછી રાહત સહાય આપવામાં ૪૦ મિનિટથી વધુનો વિલંબ થયો હતો. દિલ્હી ફાયરનું કહેવું છે કે તેમને રાત્રે ૯:૫૫ વાગ્યે દિલ્હી પોલીસ તરફથી નાસભાગની પ્રથમ માહિતી મળી હતી. જો કે, રેલવેએ તેના સત્તાવાર સંદેશાવ્યવહારમાં જણાવ્યું છે કે નાસભાગ રાત્રે ૯:૧૫ વાગ્યે થઈ હતી. આ સિવાય આજતકે વિલંબ વિશે જાણવા માટે ઉત્તર રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારીનો સંપર્ક કર્યો હતો, પરંતુ હજુ સુધી કોઈ જવાબ મળ્યો નથી. મહત્વનું છે કે, નવી દિલ્હી રેલ્વે સ્ટેશન પર શનિવારે રાત્રે થયેલી નાસભાગમાં ૧૮ મુસાફરોના શ્વાસ રૂંધાવાથી મોત થયા હતા, જ્યારે ઘણા લોકો ઘાયલ થયા હતા. મૃતકોમાં ૯ મહિલા, ૪ પુરૂષ અને ૫ બાળકોનો સમાવેશ થાય છે. આ તમામ લોકો બિહાર, દિલ્હી અને હરિયાણાના રહેવાસી હતા.

### દરોડા દરમિયાન રૂ બે કરોડની રોકડ અને જ્વેલરી જપ્ત

## કફ સિરપ ડ્રગ્સ કેસમાં ઈડીના અનેક રાજ્યોમાં દરોડા : બેની ધરપકડ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)એ જણાવ્યું હતું કે ઉત્તરી રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશ જમ્મુ-કાશ્મીરમાં તાજેતરમાં પાડવામાં આવેલા દરોડા દરમિયાન તેણે એવા બે આરોપીઓની ધરપકડ કરી છે જે નાર્કોટિસ કન્ટ્રોલ બ્યુરો (એનસીબી) દ્વારા દાખલ કરવામાં આવેલ માદક પદાર્થના એક કેસમાં વોન્ટેડ હતા. દરોડા દરમિયાન બે કરોડ રૂપિયાની રોકડ અને જ્વેલરી પણ જપ્ત કરવામાં આવી છે. ઈડીએ કોડીન બેઝ્ડ કફ સિરપ (સીબીસીએસ)ના વેચાણ અને તેની ગેરકાયદે આવકમાં સંડોવાયેલા રઈસ એહમદ ભાટ અને અન્યથી સંબધિત કેસમાં જમ્મુ-કાશ્મીર, દિલ્હી, હિમાચલ પ્રદેશ અને હરિયાણામાં ૧૩ ફેબ્રુઆરીએ દરોડા પાડયા હતાં. એનસીબી દ્વારા સીબીએસસીના તસ્કરીના એક કેસમાં દાખલ કરવામાં આવેલ ફરિયાદ પછી ઈડી આ કેસમાં મની લોન્ડરિંગની તપાસ કરી રહી છે. માદક દવાઓ લેવાની ટેવ ધરાવતા લોકો સીબીએસસીનો વ્યાપક પ્રમાણમાં ઉપયોગ કરી રહ્યાં છે. ઉધરસની દવાની બ્રાન્ડ કોકરેક્સ હિમાચલ પ્રદેશના સિરમોરમાં તેના નિર્માતા વિદિત હેલ્થકેર પાસેથી ગેરકાયદે ખરીદવામાં આવી હતી. તેનો મેનેજિંગ પાર્ટનર હરિયાણાના પાનીપતનો રહેવાસી નીરજ ભાટીયા છે. એજન્સીએ દાવો કર્યો છે કે તપાસમાં જાણવા મળ્યું છે કે ૨૦૧૮થી ૨૦૨૪ દરમિયાન કંસલ ઈન્ડસ્ટ્રીઝ, કંસલ ફાર્માસ્યુટિકલ્સ, એન કે ફાર્માસ્યુટિકલ્સ, નોવેટા ફાર્મા અને એસ એસ ઈન્ડસ્ટ્રીઝ વિદિત હેલ્થકેર પાસેથી કફ સિરપ ખરીદી રહી હતી અને તેને ગેરકાયદેસર રીતે વિતરિત કરી રહી હતી. એન કે ફાર્માસ્યુટીકલ્સ અને અન્ય સંસ્થાઓએ ૨૦૧૯-૨૫ની વચ્ચે વિદિત હેલ્થકેરને ૨૦ કરોડ રૂપિયાથી વધુની ચુકવણી કરીને સીબીસીએસની ૫૫ લાખ બોટલ ખરીદી હતી.

### ચેમ્પિયન્સ ટ્રોફી પહેલા BCCIએ કરી મોટી જાહેરાત

## હવે ખેલાડીઓ ચેમ્પિયન્સ ટ્રોફી માટે તેમના પરિવાર સાથે દુબઈ જઈ શકશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ICC ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ની શરૂઆત પહેલા ભારતીય ક્રિકેટ ટીમના ખેલાડીઓને સારા સમાચાર મળ્યા છે. પાકિસ્તાન દ્વારા આયોજિત મેગા ઈવેન્ટ માટે ટીમ ઈન્ડિયા દુબઈ પહોંચી ગઈ છે અને દુબઈમાં જોરશોરથી તૈયારીઓમાં વ્યસ્ત છે. આ ટૂર્નામેન્ટની તૈયારી દરમિયાન BCCIએ રોહિત શર્મા એન્ડ કંપનીને એક મોટી ભેટ આપી છે.

ટીમ ઈન્ડિયાના ખેલાડીઓ માટે મોટા સમાચાર એ છે કે હવે ખેલાડીઓ ચેમ્પિયન્સ ટ્રોફી માટે તેમના પરિવાર સાથે દુબઈ જઈ શકશે. જોકે, આ માટે બોર્ડ દ્વારા બહુ છૂટ આપવામાં આવી નથી. પરંતુ જો અહેવાલો પર વિશ્વાસ કરવામાં આવે તો કહેવામાં આવી રહ્યું છે કે ટીમ ઈન્ડિયાના ખેલાડીઓને તેમના પરિવારજનો સાથે રાખવાની મંજૂરી આપવામાં આવી છે. પરંતુ એ પણ નક્કી કરવામાં આવ્યું છે કે ખેલાડીઓ દુબઈમાં માત્ર એક જ મેચમાં તેમના પરિવારના સભ્યોને સાથે લઈ જઈ શકશે.

**પાકિસ્તાન દ્વારા આયોજિત મેગા ઈવેન્ટ માટે ટીમ ઈન્ડિયા દુબઈ પહોંચી ગઈ છે અને દુબઈમાં જોરશોરથી તૈયારીઓમાં વ્યસ્ત છે**

બીસીસીઆઈ દ્વારા આપવામાં આવેલી આ છૂટથી ટીમ ઈન્ડિયાના ખેલાડીઓને રાહત મળી છે. જો કે, આ અંગેની સત્તાવાર માહિતી હજુ સામે આવી નથી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, બોર્ડે કહ્યું છે કે જો કોઈ ભારતીય ખેલાડી તેના પરિવારને દુબઈ લઈ જવા ઈચ્છે છે તો તે માત્ર એક મેચ માટે જ લઈ જઈ શકે છે.

તમને જણાવી દઈએ કે ઓસ્ટ્રેલિયા પ્રવાસ દરમિયાન બોર્ડર-ગાવસ્કર ટ્રોફીમાં ટીમ ઈન્ડિયાની શરમજનક હાર બાદ બોર્ડે ઘણી કડકતા દાખવી હતી. આ હાર બાદ ખેલાડીઓને લઈને નિયમો નક્કી કરવામાં આવ્યા હતા. જેમાં ભારતીય ખેલાડીઓ અને સહાયક સ્ટાફ સાથે પરિવારને લઈ જવા પર ખાસ નિયમ બનાવાયા છે.

ઉલ્લેખનીય છે કે ચેમ્પિયન્સ ટ્રોફી ૧૯ ફેબ્રુઆરીથી શરૂ થઈ રહી છે. તો ૨૦ ફેબ્રુઆરીએ ભારતીય ટીમ બાંગ્લાદેશ સામે તેના અભિયાનની શરૂઆત કરશે. આ પછી રોહિત શર્માની આગેવાનીમાં ભારતીય ટીમ પાકિસ્તાન અને ન્યુઝીલેન્ડ સામે રમશે. ભારત અને પાકિસ્તાન વચ્ચે ૨૩ ફેબ્રુઆરીએ મેચ રમાશે. આ પછી ભારતીય ટીમ ન્યુઝીલેન્ડ સામે ટકરાશે. ભારત અને ન્યુઝીલેન્ડની ટીમો ૨ માર્ચે સામસામે ટકરાશે. ભારતીય ટીમ તેની મેચો દુબઈ ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં રમશે.

## યુટ્યુબ પર અશ્લીલ વીડિયોઝ મુદ્દે એક્શન લે સરકાર: સુપ્રીમ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

યુટ્યુબ શોમાં રણવીર અલ્હાબાદિયા દ્વારા કરવામાં આવેલી અભદ્ર ટિપ્પણી પર આજે(૧૮ ફેબ્રુઆરી, ૨૦૨૫) સુપ્રીમ કોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી. યુટ્યુબ પ્લેટફોર્મ પર ફેલાતી અશ્લીલતાને ધ્યાનમાં લેતાં સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને આ મામલે કડક વલણ અપનાવવા નિર્દેશ કર્યો છે. સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે કેન્દ્રને પૂછ્યું હતું કે, ’શું તે યુટ્યુબ પર ફેલાયેલા અશ્લીલ કન્ટેન્ટ અંગે કોઈ પગલું લેવા માગે છે?’ જસ્ટિસ સૂર્યકાંતના નેતૃત્વવાળી બેન્ચે ડિજિટલ પ્લેટફોર્મના દુરુપયોગ પર ચિંતા વ્યક્ત કરી હતી. જસ્ટિસ સૂર્યકાંતે એડિશનલ સોલિસિટર જનરલ (ASG) ઐશ્વર્યા ભાટીને કહ્યું હતું, ’અમે ઈચ્છીએ છીએ કે તમે (સરકાર) કંઈક કરો. જો સરકાર કંઈક કરવા તૈયાર હશે તો અમને આનંદ થશે. નહિંતર, આ કહેવાતી YouTube ચેનલ અને યુટ્યૂબર્સ તેનો દુરુપયોગ કરતાં જ રહેશે.’ કોર્ટે એટર્ની જનરલ આર. વેંકટરમણી અને સોલિસિટર જનરલ તુષાર મહેતા પાસેથી પણ મદદ માગી છે કે, આપણે આ મુદ્દાના મહત્વ અને સંવેદનશીલતાને નજરઅંદાજ કરવો જોઈએ નહીં. કેન્દ્ર સરકારે આ મુદ્દાને ગંભીરતાપૂર્વક ધ્યાનમાં લઈ કાયદો ઘડવો જોઈએ.

# તંત્રી લેખ......

## ભીડની અરાજકતા

એ બેહદ દુર્ભાગ્યપૂર્ણ અને ક્ષોભજનક છે કે દેશની રાજધાનીમાં રેલવે સ્ટેશન પર ભાગદોડ મચવાથી ૧૮ યાત્રીઓનું મોત થઈ ગયું અને એક ડઝનથી વધુ લોકો ઘાયલ થઈ ગયા. આ ઘટનાને રોકી શકાય તેમ હતી, જો નવી દિલ્હી રેલવે સ્ટેશનના અધિકારી સહેજ પણ સતર્કતાનો પરિચય આપતા અને એ સાધારણ અનુમાન લગાવી શકતા કે મહાકુંભ જનારા લોકોની ભારે ભીડના પ્રબંધનની વધુ જરૂરિયાત પડવાની છે. આ અનુમાન એટલા માટે લગાવવું જોઈતું હતું, કારણ કે મહાકુંભ અંતિમ ચરણમાં છે અને એ જોવા મળી રહ્યું હતું કે શનિવારે પ્રયાગરાજ જનારા યાત્રીઓની સંખ્યા વધી જાય છે. આ ઘોર નિરાશાજનક છે કે આવું અનુમાન પણ ન લગાવવામાં આવ્યું અને એવા કોઈ ઉપાય પણ ન કરવામાં આવ્યા કે રેલવે સ્ટેશન પર મોટી સંખ્યામાં ઉમટી રહેલા યાત્રીઓને કોઈ મુશ્કેલી ન પડી શકે. તેમને મુશ્કેલીથી બચાવવાને બદલે એવાં કામ કરવામાં આવ્યાં કે જેનાથી સ્થિતિઓ વધુ વણસી ગઈ. સમજવું મુશ્કેલ છે કેજ્યારે રેલવે સ્ટેશન પર યાત્રીઓની ભારે ભીડ એકત્રિત થઈ ગઈ હતી તો પછી એ ભીડના દબાણનું અનુમાન લગાવ્યા વિના જ જનરલ ટિકિટ વેચવાનું કેમ ચાલુ રાખ્યું? એ સમજી શકાય કે મહાકુંભ જનારા યાત્રીઓ વચ્ચે પ્રયાગરાજ એક્સપ્રેસ અને પ્રયાગરાજ સ્પેશ્યલ ટ્રેનોને લઈને શંકા પેદા થઈ અને તેને કારણે અફરાતફરી મચી ગઈ, પરંતુ આટલી ભારે ભીડને નિયંત્રિત કરવા માટે પૂરતી સંખ્યામાં રેલવેના સુરક્ષાકર્મીઓની તૈનાતી કેમ ન કરવામાં આવી? એવું લાગે છે કે ત્યાં કોઈ જોનારું જ ન હતું કે કેટલીક ટ્રેનોના પ્રસ્થાનમાં વિલંબ થવાને કારણે પ્લેટફોર્મ પર યાત્રીઓની ભીડ વધતી જાય છે. એટલાથી સંતુષ્ટ ન થઈજવાય કે રેલવે મંત્રી દ્વારા આ દુર્ઘટનાની ઉચ્ચસ્તરીય તપાસના આદેશ આપી દેવાયા છે, કારણ કે એક તો ભૂતકાળમાં આ પ્રકારની ઘટનાઓની તપાસના પરિણામો બહુ આશા નથી જગાવતા, બીજું કે તેની અવગણના ન કર શકાય કે રેલવે અધિકારી ભગાદોડ મચવા અને લોકોના મરવા અને ઘાયલ થવાની વાતનો જ ઈનકાર કરતા રહ્યા! આ દુર્ઘટના પણ એ જ દર્શાવી રહી છે કે આપણા દેશમાં ભારે ભીડવાળા જાહેર સ્થળો પર લોકો અનુશાસન અને સંયમનો પરિચય આપતા જ નથી. સમયની સાથે ઘણી બધી ચીજો બદલાઈ રહી છે, પરંતુ જાહેર સ્થળો પર લોકોમાં અનુશાસનના અભાવની સમસ્યા હજુ પણ એટલી જ ગંભીર છે. કોઈપણ ભીડભર્યા સ્થળ પર સહેજ જ અવ્યવસ્થા ફેલાતાં જ લોકો એક નાગરિક રૂપે બુનિયાદી જવાબદારીના ભાવનો ત્યાગ કરી છે. શાસન-પ્રશાસનની ભૂલો પોતાની જગ્યાએ છે, પરંતુ ક્યાંકને ક્યાંક લોકોએ પણ જવાબદારીનો પરિચય આપવો પડશે, જેવું કે ચીન અને જાપાન જેવા દેશોમાં સહજ રીતે જોવા મળે છે.

# ડેઈલી માર્કેટ રિપોર્ટ : એમસીએક્સ પર કોટન-ખાંડી વાયદામાં રૂ.૧૩૦ની વૃદ્ધિઃ સોના-ચાંદીના વાયદામાં તેજીની આગેકૂચ

**ક્રૂડ તેલના વાયદામાં રૂ.૧૪નો સુધારોઃ નેચરલ ગેસ, મેન્થા તેલ વધ્યાઃ કોમોડિટી વાયદાઓમાં રૂ.૯૭૩૯.૧૪ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૪૨૮૧૯.૦૬ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૬૫૮૧.૩૯ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૨૦૪૦૩ પોઈન્ટના સ્તરે**

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૫૨૫૫૮.૩૧ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૯૭૩૯.૧૪ કરોડનાં કામકાજ થયાં હતાં, જ્યારે કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૪૨૮૧૯.૦૬ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ફેબ્રુઆરી વાયદો ૨૦૪૦૩ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૬૧૩.૩૪ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૬૫૮૧.૩૯ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૮૫૨૦૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૮૫૫૬૭ અને નીચામાં રૂ.૮૫૨૦૦ના મથાળે અથડાઈ, રૂ.૮૫૦૫૫ના આગલા બંધ સામે રૂ.૪૧૮ વધી રૂ.૮૫૪૭૩ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની ફેબ્રુઆરી વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૨૯૩ વધી રૂ.૬૯૦૫૮ના સ્તરે પહોંચ્યો હતો. જ્યારે ગોલ્ડ-પેટલ ફેબ્રુઆરી વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૫૨ વધી રૂ.૮૬૨૬ના સ્તરે પહોંચ્યો હતો. સોનું-મિની માર્ચ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૨૦ વધી રૂ.૮૫૧૭૯ના ભાવ થયા હતા.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૯૫૭૪૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૯૬૨૧૧ અને નીચામાં રૂ.૯૫૬૮૦ના મથાળે અથડાઈ, રૂ.૯૫૫૮૦ના આગલા બંધ સામે રૂ.૪૧૨ વધી રૂ.૯૫૯૯૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. આ સામે કિલોદીઠ ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૪૦૪ વધી રૂ.૯૫૮૧૦ના સ્તરે પહોંચ્યો હતો. જ્યારે ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો રૂ.૪૦૫ વધી રૂ.૯૫૭૮૫ના ભાવ થયા હતા. બિનલોહ ધાતુઓમાં રૂ. ૧૦૮૫.૦૨ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબુ ફેબ્રુઆરી વાયદો ૬૫ પૈસા ઘટી રૂ.૮૬૪.૧૫ના સ્તરે પહોંચ્યો હતો. જ્યારે જસત ફેબ્રુઆરી વાયદો રૂ.૧.૩ વધી રૂ.૨૬૯.૫૫ના ભાવ થયા હતા. આ સામે એલ્યુમિનિયમ ફેબ્રુઆરી વાયદો ૯૫ પૈસા વધી રૂ.૨૫૯.૩૫ના સ્તરે પહોંચ્યો હતો. જ્યારે સીસું ફેબ્રુઆરી વાયદો ૪૫ પૈસા વધી રૂ.૧૭૯.૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૨૦૬૭.૮૪ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ક્રૂડ તેલ ફેબ્રુઆરી વાયદો બેરલદીઠ રૂ.૬૨૨૪ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૬૨૭૨ અને નીચામાં રૂ.૬૨૦૮ના સ્તરને સ્પર્શી, રૂ.૬૧૯૮ના આગલા બંધ સામે રૂ.૧૪ વધી રૂ.૬૨૧૨ના ભાવે બોલાયો હતો. જ્યારે ક્રૂડ તેલ-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૧૭ વધી રૂ.૬૨૧૫ના સ્તરે પહોંચ્યો હતો. આ સામે નેચરલ ગેસ ફેબ્રુઆરી વાયદો એમએમબીટીયૂદીઠ ૯૦ પૈસા વધી રૂ.૩૧૩.૨ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ-મિની ફેબ્રુઆરી વાયદો ૯૦ પૈસા વધી રૂ.૩૧૩.૨ના ભાવે બોલાયો હતો.

કૃષિચીજોમાં મેન્થા તેલ ફેબ્રુઆરી વાયદો કિલોદીઠ રૂ.૯૧૪ના ભાવે ખૂલી, રૂ.૧.૪ વધી રૂ.૯૨૩.૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કોટન ખાંડી માર્ચ વાયદો ખાંડીદીઠ રૂ.૧૩૦ વધી રૂ.૫૪૨૮૦ના ભાવ થયા હતા.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૩૮૫૨.૩૪ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૨૭૨૯.૦૫ કરોડના વેપાર થયા હતા. તાંબાના વાયદાઓમાં રૂ. ૭૫૦.૪૦ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૩૫.૨૫ કરોડ, સીસુ અને સીસુ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૦.૦૯ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૧૮૯.૨૯ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૮૬૬.૪૫ કરોડનાં વેપાર થયા હતા. જ્યારે નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૨૦૧.૩૯ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદાઓમાં રૂ. ૪.૧૮ કરોડનાં કામ થયાં હતાં. કોટન-ખાંડીના વાયદાઓમાં રૂ. ૪.૯૦ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૭૨૭૭ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૩૩૮૨૪ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૧૦૭૮૬ લોટ અને ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૧૧૪૦૯૧ લોટના સ્તરે હતો. જ્યારે ચાંદીના વાયદાઓમાં ૨૭૨૦૮ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૩૭૩૬૫ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૩૨૧૦૨ લોટના સ્તરે રહ્યો હતો. ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૨૧૫૮ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૨૧૯૯૧ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ ફેબ્રુઆરી વાયદો ૨૦૪૦૩ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૨૦૪૦૩ પોઈન્ટના સ્તર અને નીચામાં ૨૦૪૦૩ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૬૭ પોઈન્ટ વધી ૨૦૪૦૩ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ માર્ચ રૂ.૬૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૮.૯ વધી રૂ.૧૫૨.૪ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ ફેબ્રુઆરી રૂ.૩૧૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૩૫ પૈસા વધી રૂ.૯.૪૫ના ભાવ થયા હતા. સોનું ફેબ્રુઆરી રૂ.૮૬૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૧૭ વધી રૂ.૫૬૦ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી ફેબ્રુઆરી રૂ.૯૬૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૨૬.૫ વધી રૂ.૧૨૩૬ના ભાવ થયા હતા. તાંબુ ફેબ્રુઆરી રૂ.૮૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૧ ઘટી રૂ.૩.૯૫ના ભાવે બોલાયો હતો. જસત ફેબ્રુઆરી રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૨૦ પૈસા વધી રૂ.૧.૫ના ભાવ થયા હતા. મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની માર્ચ રૂ.૭૯૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૧.૧૫ ઘટી રૂ.૭.૮ના ભાવે બોલાયો હતો. આ સામે નેચરલ ગેસ-મિની ફેબ્રુઆરી રૂ.૩૧૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૬૫ પૈસા વધી રૂ.૯.૬૫ના ભાવ થયા હતા. જ્યારે સોનું-મિની ફેબ્રુઆરી રૂ.૮૬૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૩૪.૫ વધી રૂ.૨૫૨.૫ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી-મિની ફેબ્રુઆરી રૂ.૯૬૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૦ વધી રૂ.૪૯૨ના ભાવે બોલાયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ માર્ચ રૂ.૬૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૭.૭ ઘટી રૂ.૧૬૪.૪ના ભાવ થયા હતા. જ્યારે નેચરલ ગેસ ફેબ્રુઆરી રૂ.૩૧૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૫૦ પૈસા ઘટી રૂ.૬.૩ના ભાવે બોલાયો હતો. સોનું ફેબ્રુઆરી રૂ.૮૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૯૩.૫ ઘટી રૂ.૬૨૦ના ભાવ થયા હતા. આ સામે ચાંદી ફેબ્રુઆરી રૂ.૯૬૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૪૯.૫ ઘટી રૂ.૧૨૫૪ના ભાવ થયા હતા. તાંબુ ફેબ્રુઆરી રૂ.૮૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૫ પૈસા ઘટી રૂ.૫.૧૫ના ભાવ થયા હતા. જસત ફેબ્રુઆરી રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ કોઈ ફેરફાર વગર રૂ.૨.૯૭ના ભાવે બોલાયો હતો. મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની માર્ચ રૂ.૬૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૮.૦૫ ઘટી રૂ.૧૬૬.૬ના ભાવ થયા હતા. આ સામે નેચરલ ગેસ-મિની ફેબ્રુઆરી રૂ.૩૧૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૪૫ પૈસા ઘટી રૂ.૬.૪ના ભાવે બોલાયો હતો. જ્યારે સોનું-મિની ફેબ્રુઆરી રૂ.૮૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૫૭.૫ ઘટી રૂ.૫૪૨.૫ના ભાવ થયા હતા. આ સામે ચાંદી-મિની ફેબ્રુઆરી રૂ.૯૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૭૭.૫ ઘટી રૂ.૨૫૧.૫ના ભાવે બોલાયો હતો.

### મોદી સરકારની ચૂપકીદી

# ભારતની ચૂંટણીમાં અમેરિકન સરકારની સીધી દખલથી ખળભળાટ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

અમેરિકામાં એલન મસ્કના ડીપાર્ટમેન્ટ ઓફ ગવર્નમેન્ટ એફિશિયન્સી (DOGE)એ 'વોટર ટર્નઆઉટ' માટે ભારતને અપાતી ૨.૧ કરોડ ડોલર (લગભગ ૧૮૪ કરોડ રૂપિયા)ની સહાય બંધ કરી દીધી છે. મસ્કના નિર્ણયના કારણે ભારતની ચૂંટણીમાં અમેરિકાની સીધી દખલ હોવાનું બહાર આવતાં ખળભળાટ મચ્યો છે. કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકાર આ અંગે તાત્કાલિક તપાસ કરાવવાના બદલે ચૂપ છે તેથી મોદી સરકાર પણ શંકાના દાયરામાં છે. ભારતમાં આ નાણાં કઈ સંસ્થાને અપાતાં હતાં તે અંગેની વિગતો બહાર નથી આવી પણ ભાજપે કોંગ્રેસ અને નહેરૂ-ગાંધી ખાનદાનને નાણાં મળ્યાં હોવાનો આક્ષેપ કર્યો છે. જ્યોર્જ સોરોસે મોદીને હરાવવા નાણાં અપાવ્યાના આક્ષેપ ભાજપે કર્યા છે. બીજી તરફ નરેન્દ્ર મોદીને જીતાડવા માટે અમેરિકા નાણાં ખર્ચીને ભારતની ચૂંટણીમાં દખલગીરી કરતું હોવાના આક્ષેપ થઈ રહ્યા છે. ભારતમાં પોતાના ઈશારે નાચતી સરકાર બેસાડવા માટે ડીપ સ્ટેટ્સ દ્વારા ખર્ચાઈ રહેલાં નાણાં અંગે મોદી સરકાર અત્યાર સુધી કેમ ચૂપ હતી એ પણ સવાલ ઉઠયો છે. કેન્દ્રમાં છેલ્લાં ૧૦ વર્ષથી ભાજપની સરકાર છે છતાં અમેરિકાની ભારતીય ચૂંટણીમાં સીધી દખલ બંધ કરાવવા માટે કેમ કોઈ પગલાં ના લેવાયાં એ સવાલ પણ થઈ રહ્યો છે. મોદી સરકાર હજુય તપાસ કરાવતાં કેમ ખચકાઈ રહી છે અને ભાજપના નેતા માત્ર રાજકીય આક્ષેપો જ કરી રહ્યા છે એ મુદ્દો પણ ઉભો થયો છે. ભાજપે ૨૦૧૨માં એસ.વાય. કુરૈશી ભૂતપૂર્વ મુખ્ય ચૂંટણી કમિશનર હતા ત્યારે કોંગ્રેસના ઈશારે ચૂંટણી પંચે કરાર કરીને નાણાં લીધાં હોવાનો આક્ષેપ પણ કરેલો. જો કે કુરેશીએ દાવો કર્યો છે કે, USAID એ ભારતમાં મતદાનમા વધારો કરવા માટે ૨.૧૦ કરોડ ડોલરનું ભંડોળ આપ્યું હતું એના યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ ગવર્નમેન્ટ એફિશિયન્સી (DOGE)ના દાવામાં કોઈ તથ્ય નથી. કુરૈશીએ એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, '૨૦૧૨ માં જ્યારે હું સીઈસી હતો ત્યારે ભારતમાં મતદાન વધારવા માટે યુએસ એજન્સી દ્વારા ચોક્કસ કરોડ ડોલરના ભંડોળ માટે ચૂંટણી પંચ દ્વારા એક એમઓયુ કરવામાં આવ્યો હોવાના મીડિયામાં આવેલા અહેવાલમાં દમ નથી. હું મુખ્ય ચૂંટણી કમિશનર હતો ત્યારે ૨૦૧૨માં ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન ફોર ઈલેક્ટોરલ સિસ્ટમ્સ (IFES) સાથે એમઓયુ થયા હતા. ચૂંટણી પંચના તાલીમ અને સંસાધન કેન્દ્ર- ઈન્ડિયા ઈન્ટરનેશનલ ઈન્સ્ટિટયુટ ફોર ડેમોક્રેસી એન્ડ ઈલેક્શન મેનેજમેન્ટ (IIIDEM) ખાતે અલગ અલગ દેશો માટે તાલીમની સુવિધા માટે ચૂંટણી પંચે અન્ય એજન્સીઓ અને ચૂંટણી મેનેજમેન્ટ સંસ્થાઓ સાથે આ પ્રકારના એમઓયુ કર્યા હતા પણ તેમાં નાણાં આપવાની કોઈ વાત નહોતી.

### ભરતકામ, બ્યૂટી પાર્લર, પ્લમ્બર જેવા ૧૦ ટ્રેડના કારીગરોને ટૂલકીટ માટે ઈ-વાઉચર અપાયા

# છેલ્લા ત્રણ વર્ષમાં "માનવ કલ્યાણ યોજના" અંતર્ગત રાજ્યના કુલ ૧.૧૬ લાખ કરતાં વધુ કારીગરોને સાધન સહાય અપાઈ

રાજ્યના ઉદ્યમી અને મહેનતું કારીગરો આર્થિક રીતે વધુ પગભર થઈને પોતાનું અને પરિવારનું જીવન ઉજળું બનાવી શકે તે માટે ગુજરાત સરકાર દ્વારા "માનવ કલ્યાણ યોજના" થકી તેમને ઓજારો-સાધનો આપવામાં આવે છે. જેમના કુટુંબની વાર્ષિક આવક રૂ. ૬ લાખ સુધીની હોય તેવા વ્યક્તિઓ-કારીગરોને આ યોજના અંતર્ગત સાધન સહાય આપવામાં આવે છે, જેથી આર્થિક રીતે પછાત વર્ગોના સમૂહને સ્વરોજગારથી પુરતી આવક ઉભી થાય છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં તેમજ કુટિર, ખાદી, ગ્રામોદ્યોગ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપુત તથા રાજ્ય મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્માના નેતૃત્વમાં રાજ્ય સરકાર દ્વાર આ યોજના અંતગર્ત વર્ષ ૨૦૨૨-૨૩માં ૩૫,૧૫૮ લાભાર્થીઓ, વર્ષ ૨૦૨૩-૨૪માં ૩૫,૧૨૦ તથા વર્ષ ૨૦૨૪-૨૫માં ૪૬,૦૦૦ મળીને કુલ ૧.૧૬ લાખ કરતાં વધુ લાભાર્થીઓને ટૂલકીટ સહાયનો લાભ આપવામાં આવ્યો છે.

"માનવ કલ્યાણ યોજના"માં દૂધ-દહીં વેચનાર, ભરતકામ, બ્યૂટી પાર્લર, પાપડ બનાવટ, વાહન સર્વિસીંગ-રીપેરીંગ, પ્લમ્બર, સેન્ટિંગ કામ, ઈલેકટ્રીક એપ્લાયન્સિસ રીપેરીંગ, અથાણા બનાવટ અને પંચર કિટ જેવા ૧૦ ટ્રેડમાં નાના પ્રકારના વેપાર-ધંધા કરવા કારીગરોને વ્યવસાય માટે જરૂરી સાધન-ઓજાર સહાય આપવામાં આવે છે. ૧૮ વર્ષથી ૬૦ વર્ષની ઉંમર ધરાવતા લાભાર્થીઓ ઈ-કુટિર પોર્ટલ ઉપર https://e-kutir.gujarat.gov.in/ પર ઓનલાઈન અરજી કરવાથી આ યોજનાનો લાભ લઈ શકે છે. આ યોજનાનો લાભ લેવા માટે અનુ. જાતિ પૈકી અતિ પછાત વર્ગની ૧૨ જાતિઓ માટે તેમજ સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ પૈકી અતિ પછાત તેમજ વિચરતી અને વિમુકત જાતિઓ તથા દિવ્યાંગ વ્યક્તિઓ માટે કોઈ આવક મર્યાદા લાગુ પડશે નહી. આજના ડિજિટલ યુગમાં લાભાર્થીઓને અરજી કરવામાં અનુકુળતા અને સરળતા રહે તે માટે ઈ-કુટીર પોર્ટલ પર "માનવ કલ્યાણ યોજના" ઓનલાઈન કરવામાં આવી છે. આ યોજના ઓનલાઈન થવાથી લાભાર્થીઓ આંગળીના ટેરવે ઘરે બેઠા બેઠા ઓનલાઈન અરજી કરીને યોજનાનો સરળતાથી લાભ લઈ શકે છે. "માનવ કલ્યાણ યોજના" અંતગર્ત ઓનલાઈન ડ્રોમાં મંજૂર થયેલા લાભાર્થીઓના ઈ-વાઉચર જનરેટ કરવામાં આવે છે. લાભાર્થીઓ નિયુક્ત કરેલા પોતાના મનપસંદ વેન્ડર પાસેથી ઈ-વાઉચરનો ઉપયોગ કરીને મંજૂર થયેલ ટૂલકીટ ખરીદી શકે છે. રાજ્ય સરકારે નક્કી કરેલ રકમ-વાઉચર ઉપરાંત પોતાની મનપસંદ કીટ લેવા વધારાની રકમ આપીને પણ લાભાર્થીઓ આ ટૂલકીટ ખરીદી શકે છે, એમ કુટીર અને ગ્રામોદ્યોગ વિભાગ, ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે. - જીગર બારોટ

# મહીસાગરમાં ભગવો લહેરાયોઃ ભાજપનો ત્રણેય નગરપાલિકા અને તાલુકા પંચાયતમાં ભવ્ય વિજય

(સંપૂર્ણ સમાચાર સેવા)મહીસાગર

મહીસાગર જિલ્લાની ત્રણ નગરપાલિકા લુણાવાડા, સંતરામપુર અને બાલાસિનોર તેમજ ખાનપુર તાલુકા પંચાયતની ખાલી પડેલ કનોડ સીટની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટી (ભાજપ)નો ભવ્ય વિજય થયો છે. આજે યોજાયેલી મતગણતરીમાં ભાજપે ત્રણેય નગરપાલિકામાં બહુમતી મેળવીને ભગવો લહેરાવ્યો છે. આ વિજયથી ભાજપના કાર્યકરો અને સમર્થકોમાં ખુશીનો માહોલ છવાયો છે.

આજે સવારે મહીસાગર જિલ્લાની ત્રણેય નગરપાલિકા માટે મતગણતરી પ્રક્રિયા શરૂ થઈ હતી. લુણાવાડા નગરપાલિકાની મતગણતરી લુણાવાડા આર્ટસ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે, સંતરામપુર નગરપાલિકાની મતગણતરી સંતરામપુર કોલેજ ખાતે અને બાલાસિનોર નગરપાલિકાની મતગણતરી કરુણાનીકેતન હાઈસ્કુલ ખાતે યોજાઈ હતી. મતગણતરીના શરૂઆતના તબક્કાથી જ ભાજપના ઉમેદવારો આગળ રહ્યા હતા અને અંતે ત્રણેય નગરપાલિકામાં ભાજપે સ્પષ્ટ બહુમતી મેળવી હતી. ખાનપુર તાલુકા પંચાયતની પેટા ચૂંટણીમાં પણ ભાજપના ઉમેદવાર વિજયી બન્યા છે.ભાજપના ઉમેદવારોનો વિજય થતા સમર્થકો અને કાર્યકરોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો અને વિજય સરઘસ કાઢવામાં આવ્યા હતા. સંતરામપુરમાં ભાજપના વિજયને લઈને શિક્ષણ મંત્રી કુબેરભાઈ ડીંડોર પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને વિજેતા ઉમેદવારોને ફુલહાર પહેરાવીને અભિનંદન પાઠવ્યા હતા. કાર્યકર્તાઓએ એકબીજાને ગળે મળીને અને મોઢું મીઠું કરાવીને ખુશી વ્યકત કરી હતી. કોંગ્રેસના ગઢમાં ગાબડુંઃ ભાજપે કોંગ્રેસના મજબૂત ગણાતા વિસ્તારોમાં જીત મેળવીને કોંગ્રેસના પાયાને હચમચાવી દીધો છે. જનતાનો વિશ્વાસઃ આ જીત દર્શાવે છે કે લોકો હજુ પણ ભાજપ પર વિશ્વાસ મૂકી રહ્યા છે અને પાર્ટીની નીતિઓ અને કાર્યક્રમોને સમર્થન આપી રહ્યા છે. આગામી ચૂંટણીઓ માટે સંકેતઃ આ પરિણામો આગામી વિધાનસભા અને લોકસભા ચૂંટણીઓ માટે ભાજપ માટે સકારાત્મક સંકેત છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ભાજપની આ ભવ્ય જીત કોંગ્રેસ માટે ચિંતાનો વિષય છે, જ્યારે ભાજપ માટે ઉજવણીનો અવસર છે. આ પરિણામો ગુજરાતના રાજકારણમાં નવા સમીકરણો સર્જી શકે છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ૫૭૭૫ દાવેદારો મેદાનમાં ઉતર્યા હતા અને કુલ ૩૬ લાખ ૭૧ હજાર ૪૭૯ મતદારોને મતાધિકાર મળ્યો હતો. રાજ્યમાં પાલિકા-પંચાયતના યોજાયેલા મતદાનમાં ઘણા મતદાન મથકો પર મતદારોની લાંબી લાંબી કતારો પણ જોવા મળી હતી.

ઉલ્લેખનીય છે કે, આ વખતે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે કુલ ૭૦૩૬ ઉમેદવારીપત્રો દાખલ થયા હતા, જેમાંથી ૧૨૬૧ પત્રો અમાન્ય ઠર્યા, જ્યારે કે ૫૭૭૫ ઉમેદવારોની ઉમેદવારી માન્ય રાખવામાં આવી.

જે બાદ ૪૭૮ ઉમેદવારોએ ઉમેદવારીપત્ર પરત ખેંચ્યા, જેના કારણે ૨૧૩ બેઠકો બિનહરીફ થઈ ગઈ. જેના પગલે હરિફાઈ હેઠળની બેઠકો માટે કુલ ૫ હજાર ૮૪ ઉમેદવારો ચૂંટણીના જંગમાં મેદાને ઉતર્યા હતાં.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

એક શુભેચ્છક

### CPCBના રિપોર્ટમાં ખુલાસો

# મહાકુંભમાં સ્નાન કરવા સંગમનું પાણી યોગ્ય નહિ

(સંપૂર્ણ સમાચાર સેવા )પ્રયાગરાજ

પ્રયાગરાજમાં આયોજિત મહાકુંભનું આયોજન વધુ ભવ્ય રીતે કરવામાં આવ્યું છે, જે માત્ર ભારતમાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં ચર્ચાનો વિષય બન્યો છે.

મહાકુંભમાં દેશ-વિદેશથી લોકો આસ્થાની ડૂબકી લગાવવા માટે આવી રહ્યાં છે. ત્યારે કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (CPCB) ના એક રિપોર્ટના માધ્યમથી સોમવારે નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ (NGT) ને જાણ કરવામાં આવી હતી કે પ્રયાગરાજમાં મહાકુંભ દરમિયાન વિવિધ સ્થળોએ ગંદા પાણીનું સ્તર સ્નાન માટે પાણીની મૂળભૂત ગુણવત્તાને અનુરૂપ નથી.

કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (CPCB) એ નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ (NGT) ને સુપરત કરેલા અહેવાલમાં એક ચોંકાવનારો ખુલાસો કર્યો છે. પ્રયાગરાજમાં સંગમનું પાણી મહાકુંભ દરમિયાન સ્નાન કરવા યોગ્ય નથી. પાણીમાં ફેકલ કોલિફોર્મનું ઉચ્ચ સ્તર જોવા મળ્યું છે.

આ ખુલાસો એવા સમયે થયો છે જ્યારે ૫૩ કરોડથી વધુ શ્રદ્ધાળુઓ સંગમમાં સ્નાન કરી ચૂક્યા છે. સીપીસીબી અનુસાર, ગંદા પાણીના દૂષણનું સૂચક 'ફેકલ કોલિફોર્મ' ની મર્યાદા પ્રતિ ૧૦૦ મિલી ૨૫૦૦ યુનિટ છે.

એનજીટી અધ્યક્ષ જસ્ટિસ પ્રકાશ શ્રીવાસ્તવ, ન્યાયિક સભ્ય ન્યાયાધીશ સુધીર અગ્રવાલ અને નિષ્ણાત સભ્ય એ. સેન્થિલ વેલની બેન્ચ પ્રયાગરાજ ખાતે ગંગા અને યમુના નદીઓમાં ગંદા પાણીના પ્રવાહને રોકવાના મુદ્દા પર સુનાવણી કરી રહી હતી. બેન્ચે જણાવ્યું હતું કે સીપીસીબીએ ૩ ફેબ્રુઆરીના રોજ એક રિપોર્ટ દાખલ કર્યો હતો જેમાં ચોક્કસ પાલન ન થયું હોય અથવા ઉલ્લંઘનો તરફ ઈશારો કરવામાં આવ્યો હતો.

રિપોર્ટમાં કહેવામાં આવ્યું હતું કે, 'નદીની પાણીની ગુણવતા વિવિધ અવસરો પર તમામ દેખરેખ સ્થળો પર ગંદા પાણી 'ફેકલ કોલીફોર્મ'ના સંબંધમાં સ્નાન માટે ગુણવતાના અનુરૂપ નથી. પ્રયાગરાજમાં મહાકુંભ દરમિયાન મોટી સંખ્યામાં લોકો નદીમાં સ્નાન કરે છે, જેના કારણે ગંદા પાણીની સાંદ્રતા વધે છે.

RNI No. GUJGUJ/2016/70752 Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004.
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA

### ગુજરાતમાં પ્રથમ વખત યોજાઈ રહ્યું છે HIV તબીબી નિષ્ણાતોનું રાષ્ટ્રીય સંમેલન (ASICON 2025)

# ૨૦૩૦ સુધીમાં એઈડ્સ નાબૂદી માટે દરેક વ્યકિત સુધી HIV સેવાઓ પહોંચાડવી આવશ્યક

દેશના HIV તબીબી નિષ્ણાતોનું ૧૯મું રાષ્ટ્રીય સંમેલન (ASICON 2025) આ વર્ષે ૨૧-૨૩ ફેબ્રુઆરી દરમિયાન ગુજરાતના અમદાવાદ ખાતે યોજાશે. ગુજરાતમાં પ્રથમ વખત આ પ્રતિષ્ઠિત સંમેલન યોજાઈ રહ્યું છે. આ સંમેલનનું આયોજન એઈડ્સ સોસાયટી ઓફ ઇન્ડિયા (ASI) દ્વારા કરવામાં આવી રહ્યું છે, જે દેશમાં HIV નિષ્ણાતોનું સૌથી મોટું તબીબી વ્યાવસાયિક સંગઠન છે.

ASICON 2025 સંમેલનનું ઉદ્‌ઘાટન ૨૧ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા કરવામાં આવશે.

ASICON 2025ના તબીબી અને વૈજ્ઞાનિક સહયોગીઓમાં ભારત સરકારના આરોગ્ય અને કુટુંબ કલ્યાણ મંત્રાલય હેઠળનું નેશનલ AIDS કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન (NACO), રાષ્ટ્રીય ટીબી નાબૂદી કાર્યક્રમ, ગુજરાત મેડિકલ કાઉન્સિલ, ઈન્ફેક્શિયસ ડિસીઝ સોસાયટી ઓફ ગુજરાત, સંયુક્ત રાષ્ટ્રના UNAIDS કાર્યક્રમ, દક્ષિણ આફ્રિકાની AIDS સંશોધન સંસ્થા, વગેરેનો સમાવેશ થાય છે. ગુજરાત પ્રવાસન અને કેન્દ્રીય પ્રવાસન મંત્રાલયનું ભારતીય કોન્ફરન્સ પ્રમોશન બ્યુરો પણ ASICON ૨૦૨૫ને સમર્થન આપી રહ્યા છે.

ASICON ૨૦૨૫ સંમેલનમાં દેશભરમાંથી ઘણા HIV ક્લિનિકલ કેર નિષ્ણાતો અને સંશોધકો ભાગ લેશે. ઘણા દેશોના એચઆઈવી નિષ્ણાતો પણ આ કોન્ફરન્સમાં ભાગ લઈ રહ્યા છે, જેમાં, દક્ષિણ આફ્રિકા, ઈંગ્લેન્ડ, ઈટાલી, જર્મની, કેન્યા વગેરે જેવા દેશો અગ્રણી છે.

ત્રણ દિવસીય ASICON ૨૦૨૫ સંમેલનમાં અનેક વિષયો પર HIV સંબંધિત તબીબી વ્યાખ્યાનો અને સત્રો યોજાશે, જેમાં મુખ્ય વિષયો આ મુજબ છેઃ એશિયા પેસિફિક ક્ષેત્ર અને ભારતના લેટેસ્ટ HIV સંબંધિત આંકડાઓ, HIV ટેસ્ટિંગ (ખાસ કરીને HIV સેલ્ફ ટેસ્ટ એટલે કે HIV સ્વ-પરીક્ષણ), એન્ટિરેટ્રોવાયરલ દવાઓ પર લેટેસ્ટ રિસર્ચ પેપર, HIV થી બચવા માટેની નવીનતમ દવાઓ જેવીકે 'પ્રેપ' ચજેમાં લેક્રાપાવીર નામક દવા સામેલ છે (દર ૬ મહિને ૧ ઈંજેક્શન), જેના ઉપયોગથી વ્યક્તિ HIVનો ચેપ લાગવાથી લગભગ ૧૦૦% બચી શકે છે], 'ડૉક્સી પ્રેપ' દવા, જે કેટલાક યૌન સંક્રમણો સામે રક્ષણ આપે છે, HIV અને ટીબી કો-ઈન્ફેક્શન, તેમજ HIV અને હિપેટાઈટિસ કો-ઈન્ફેક્શન સંબંધિત લેટેસ્ટ અપડેટ, હ્યુમન પેપિલોમા વાયરસ સંબંધિત કેન્સર, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, સાયબર સિક્યોરિટી અને હેલ્થકેર, ક્લાઈમેટ ચેન્જ વગેરે.

ભારત અને HIV

સરકારી રાષ્ટ્રીય એઈડ્સ નિયંત્રણ કાર્યક્રમ અનુસાર, ભારતમાં એઈડ્સ નિયંત્રણની દિશામાં પ્રશંસનીય પ્રગતિ થઈ છે. ૨૦૧૦ના આંકડાઓની સરખામણીમાં, ૨૦૨૩ સુધીમાં ભારતમાં એઈડ્સનો દર લગભગ અડધો થઈ ગયો હતો (૪૪.૨૩% ઘટાડો) — જે એઈડ્સના દરમાં વૈશ્વિક સ્તરે થયેલા ઘટાડા (૩૯%)થી પણ વધુ હતો. એ જ રીતે, ૨૦૧૦ના આંકડાઓની સરખામણીએ, એઈડ્સના કારણે થતા મૃત્યુના દરમાં પણ ૨૦૨૩ સુધીમાં ૭૯.૨૬% ઘટાડો થયો, જે ૨૦૧૦-૨૦૨૩ દરમિયાન વૈશ્વિક એઈડ્સ મૃત્યુદરમાં થયેલા ઘટાડા (૫૧%) કરતા વધારો હતો.

ભારતમાં ૨૫.૪૪ લાખ લોકો HIV સાથે જીવે છે. ભારતની પુખ્ત વયની વસ્તીમાં HIVનો દર ૦.૨૦% છે, જે વૈશ્વિક દર (૦.૭૦%) કરતા ઓછો છે. ૨૦૨૩ માં, ભારતમાં ૬૮,૪૫૦ નવા લોકોમાં HIV પોઝિટિવ હોવાનું નિદાન થયું હતું અને ૩૫,૮૭૦ લોકો એઈડ્સ સંબંધિત કારણોથી મૃત્યુ પામ્યા હતા. ૨૦૨૩માં, ૧૯,૯૬૧ સગર્ભા સ્ત્રીઓ એચઆઈવી પોઝીટીવ હતી અને ગર્ભાવસ્થા, ડિલિવરી તેમજ સ્તનપાન દરમિયાન નવજાત શિશુમાં એચઆઈવીનો ચેપ લાગવાનું જોખમ લગભગ શૂન્ય થઈ જાય તે માટે વિશેષ તબીબી દવાઓ અને સહાય પૂરી પાડવામાં આવી હતી.

ગુજરાત અને HIV

સરકારી રાષ્ટ્રીય એઈડ્સ નિયંત્રણ કાર્યક્રમ અનુસાર, ગુજરાત રાજ્યમાં પુખ્ત વયની વસ્તીમાં HIVનો દર ૦.૧૯% છે. ૨૦૨૩માં ગુજરાતમાં ૧,૨૦,૩૧૨ લોકો HIV સાથે જીવતા હતા અને ૮૦૦ લોકો એઈડ્સ સંબંધિત કારણોથી મૃત્યુ પામ્યા હતા. ૨૦૨૩માં ગુજરાતમાં ૨૬૭૧ નવા લોકોમાં HIV પોઝિટિવ હોવાનું નિદાન થયું હતું. ૨૦૧૦ની સરખામણીએ ૨૦૨૩ સુધી ગુજરાતમાં HIVના દરમાં ૫૬.૮૬% નો ઘટાડો થયો હતો (જે દેશના ૨૦૨૦-૨૦૨૩ દરમિયાન HIVના દરમાં થયેલા ૪૪.૨૩% ના ઘટાડાથી વધુ હતો).

ASICON ૨૦૨૫ના સહ-અધ્યક્ષ ડૉ. હર્ષ તોષનીવાલે જણાવ્યું કે ASICON ૨૦૨૫ સંમેલન ગુજરાતમાં પહેલીવાર આયોજિત થઈ રહ્યું છે, જેનો લાભ સમગ્ર તબીબી સમુદાયને મળશે, જે ગુજરાતને એઈડ્સ નાબૂદીની દિશામાં પ્રગતિ કરવામાં સહાયક બનશે.

એઈડ્સ નાબૂદી માટે ફક્ત ૭૦ મહિના બાકી

ડૉ. ઈશ્વર ગિલાડા કે જેઓ એઈડ્સ સોસાયટી ઓફ ઇન્ડિયાના પ્રેસિડેન્ટ અમેરિટસ છે, ઇન્ટરનેશનલ એઈડ્સ સોસાયટી (IAS)ના પ્રેસિડેન્શિયલ બોર્ડના ચૂંટાયેલા સભ્ય અને IAS એશિયા પેસિફિકના પ્રાદેશિક અધ્ય પણ છે, જેઓ જણાવે છે કે, "ભારત સહિત તમામ સરકારોએ વર્ષ ૨૦૩૦ સુધીમાં એઈડ્સને નાબૂદ કરવાનું વચન આપ્યું છે. આ માટે એ જરૂરી છે કે HIV સાથે જીવતી દરેક વ્યક્તિને એ વાતની જાણ હોય કે તેને ઉઁફ છે, તેને જીવનરક્ષક એવી એન્ટિરેટ્રોવાયરલ દવાઓની સાથે-સાથે તમામ HIV સેવાઓ મળી રહી હોય અને તેનો વાયરલ લોડ નહિવત્ હોય. વાયરલ લોડ નહિવત્ રહેશે તો અન્ય કોઈને HIVનો ચેપ લાગવાનું જોખમ પણ નહીં રહે, અને HIVની સાથે જીવતી વ્યક્તિ સ્વસ્થ અને ભરપૂર જીવન જીવી શકશે. આપણે વધુ કાર્યક્ષમતા, કાર્યસાધકતા અને અસરકારકતા સાથે એઈડ્સ નિવારણની દિશામાં કામ કરવું પડશે." ૧૯૮૬માં, જ્યારે ભારતમાં પ્રથમ વ્યક્તિને HIV હોવાનું નિદાન થયું, ત્યારે ડૉ. ગિલાડાએ મુંબઈની સરકારી JJ હોસ્પિટલમાં દેશનું પ્રથમ HIV ક્લિનિક સ્થાપ્યું હતું.

૨૦૨૫ સુધીમાં પૂર્ણ કરવાના છે ૯૫-૯૫-૯૫ લક્ષ્ય

ડૉ ઈશ્વર ગિલાડાએ જણાવ્યું કે, દરેક સરકારે વચન આપ્યું છે કે ૨૦૨૫ સુધીમાં ૯૫% HIV સાથે જીવતા લોકોને પરીક્ષણ દ્વારા એ જાણ થવી જોઈએ કે તેઓ HIV સંક્રમિત છે. તેમાંથી ૯૫% લોકોને જીવનરક્ષક એન્ટી-રેટ્રો-વાઈરલની દવાઓ મળવી જોઈએ, અને જે લોકોને આ દવાઓ મળી રહી છે તેમાંથી ૯૫%નું વાઈરલ-લોડ નગણ્ય હોય.

વર્તમાનમાં ભારતમાં ૨૫.૪૪ લાખ લોકો HIV સંક્રમિત છે, જેમાંથી ૮૧% લોકોને તેમના સંક્રમણની પરીક્ષણ દ્વારા જાણ થઈ છે. તેમાંથી ૮૮% લોકોને જીવનરક્ષક એન્ટી-રેટ્રો-વાઈરલની દવાઓ મળી રહી છે, અને જે લોકોને દવાઓ મળી રહી છે તેમાંથી ૯૭% લોકોનો વાઈરલ-લોડ નગણ્ય છે.

વિશ્વમાં ૮૬% લોકોને પરીક્ષણ દ્વારા જાણ થઈ છે કે તેઓ HIV સંક્રમિત છે. તેમાંથી ૮૯% લોકોને જીવનરક્ષક એન્ટી-રેટ્રો-વાઈરલની દવાઓ મળી રહી છે, અને જે લોકોને દવાઓ મળી રહી છે તેમાંથી ૯૩% લોકોનો વાઈરલ-લોડ નહિવત છે.

એઈડ્સ સોસાયટી ઑફ ઈન્ડિયાના રાષ્ટ્રીય અધ્યક્ષ ડૉ. દિલીપ મથાઈએ જણાવ્યું હતું કે, જે લોકોને HIV એન્ટીરેટ્રોવાઈરલ દવાઓ મળી રહી છે, તે બધાના (૧૦૦%) વાઈરલ લોડ નગણ્ય રહે તે સુનિશ્ચિત કરવું જરૂરી છે.

૨૦૨૩માં ભારતમાં જે લોકોના HIV પોઝિટિવ હોવાની પુષ્ટિ થઈ હતી તેમાંથી ૯૩% લોકોને જીવનરક્ષક એન્ટીરેટ્રોવાઈરલની દવાઓ મળતી હતી. પરંતુ, આસામ, ચંડીગઢ, દિલ્હી, હિમાચલ પ્રદેશ, પુડુચેરી અને સિક્કિમ જેવા ઘણાં રાજ્યોમાં આ સંખ્યા ઓછી હતી. ઉદાહરણ તરીકે, પુડુચેરીમાં ૪૭% અને આસામમાં ૭૬% લોકોને આ દવાઓ પ્રાપ્ત થઈ હતી.

૨૦૧૦થી ૨૦૨૩ દરમિયાન, ભારતમાં HIV દરમાં મોટો ઘટાડો નોંધાયો હતો પરંતુ, અમુક રાજ્યોમાં, જેમ કે, ત્રિપુરા અને અરૂણાચલ પ્રદેશમાં HIV દરમાં ૪૦૦% નો વધારો થયો અને પંજાબ અને મેઘાલયમાં બમણો થયો હતો. રાષ્ટ્રીય વયસ્ક વસ્તીમાં HIV દર (૦.૨૦%) રહ્યો પણ ઘણાં રાજ્યોમાં જેમ કે, મિઝોરમ (૨.૭૩%), નાગાલેન્ડ (૧.૩૭%), અને મણિપુર (૦.૮૭%)માં દર વધ્યો હતો.

ડૉ. ગિલાડાએ જણાવ્યું હતું કે સંશોધનોએ સાબિત કર્યું છે કે HIV સાથે જીવતા લોકો સ્વસ્થ, પરિપૂર્ણ જીવન અને સામાન્ય જીવન જીવી શકે છે. પરંતુ આ ત્યારે જ શક્ય છે જ્યારે દરેક HIV પોઝિટિવ વ્યક્તિ HIV ટેસ્ટ કરાવી શકે. જો કોઈ કારણસર કોઈ વ્યક્તિ HIV ટેસ્ટિંગ એટલે કે HIV પરીક્ષણ કરાવવામાં અસમર્થ હોય, તો તેઓ શક્યતઃ HIV સેલ્ફ-ટેસ્ટનો ઉપયોગ કરાવીને પોતાનું પરીક્ષણ કરાવે અને પછી HIVની વ્યાપક સ્વાસ્થ્ય સેવાઓ અને પરામર્શ સાથે જોડાઇ શકે છે. આવી દરેક વ્યક્તિને જીવનરક્ષક એન્ટિરેટ્રોવાયરલ દવાઓ મળવી આવશ્યક છે અને તેનો વાયરલ લોડ નહિવત્ રહેવો જરૂરી છે, જેના કારણે તે પોતે સ્વસ્થ રહે, અને તેના દ્વારા કોઈને પણ HIVનો ચેપ લાગવાનું જોખમ પણ ન રહે. આ પ્રમાણે HIVથી બચવાના તમામ સાધનો જનતાને ઉપલબ્ધ હોવા જોઈએ. 'પ્રેપ' દવાને સરકારી HIV સ્વાસ્થ્ય સેવાઓમાં સામેલ કરવી જોઈએ.

## ભાવનગર જિલ્લાની ત્રણેય નગરપાલિકામાં ભગવો લહેરાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)ભાવનગર

ભાવનગર જિલ્લાનું પરિણામ જાહેર થઈ ગયું છે. અહીં કુલ ૩ નગરપાલિકાઓ આવેલી છે. આ ત્રણેય નગરપાલિકામાં બીજેપીની જીત થઈ છે. આ નગરપાલિકામાં ગારીયાધાર, સિહોર, તળાજાનો સમાવેશ થાય છે. જિલ્લાની જે તે નગરપાલિકાના વિગતવાર પરિણામ પર નજર કરીએ તો,

નગરપાલિકા : સિહોર
કુલ વોર્ડ : ૯
કુલ બેઠક : ૩૬
ભાજપ : ૨૫
કોંગ્રેસ : ૮
અન્ય પક્ષ : ૩

નગરપાલિકા : ગારીયાધાર
કુલ વોર્ડ : ૭
કુલ બેઠક : ૨૮
ભાજપ : ૧૮
કોંગ્રેસ : ૭
અન્ય પક્ષ : ૩

નગરપાલિકા : તળાજા
કુલ વોર્ડ : ૭
કુલ બેઠક : ૨૮
ભાજપ : ૧૭
કોંગ્રેસ : ૧૧
અન્ય પક્ષ : ૦

જે રીતે વિધાનસભા અને લોકસભાની ચૂંટણીમાં બીજેપીએ બમ્પર જીત મેળવી હતી તે જ રીતે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં પણ ભાજપે ભવ્ય જીત મેળવી છે. સૌ પ્રથમ આપણે સૌરાષ્ટ્રની વાત કરીએ તો અહીં ત્રણ નગરપાલિકા છોડીને તમામ નગરપાલિકા પર ભાજપે કબજો કરી લીધો છે. રાણાવાવ, કુતિયાણા અને સલાયા સિવાય તમામ નગરપાલિકા પર ભાજપે કબજો કરી લીધો છે. અમરેલી જિલ્લામાં તમામ નગરપાલિકાઓમાં ભાજપનો પ્રચંડ વિજય થયો છે. જુનાગઢ મહાનગરપાલિકા અને નગરપાલિકામાં ભાજપનો દબદબો યથાવત રહ્યો છે. તો બીજી તરફ રાજકોટ અને ભાવનગર જિલ્લાની નગરપાલિકામાં પણ ભાજપે બમ્પર જીત મેળવી છે. તમને જણાવી દઈએ કે, ભાવનગર પેટચૂંટણીમાં બીજેપીની જીત થઈ છે. તો બીજી તરફ સૌરાષ્ટ્રમાં સલાયા સિવાય તમામ જગ્યાએ કોંગ્રેસના સૂપડા સાફ થઈ ગયા છે. ઉલ્લેખનિય છે કે, મંત્રી મુળુભાઈ બેરાના વિસ્તારમાં જ ભાજપમા સૂપડા સાફ થયા છે. સલાયા નગરપાલિકા અને તાલુકા પંચાયચતની પેટાચૂંટણીમાં ભાજપના સૂપડા સાફ થયા છે. સલાયામાં ખાતું ખુલે તેવી શક્યતા નહીંવત છે. ૨૮ બેઠકવાળી સલાયામાં ૧૩ પર AAPના ઉમેદવારનો વિજય થયો છે. તો ૧૫ પર કોંગ્રેસના ઉમેદવારનો વિજય થયો છે. રાજ્યની એકમાત્ર નગરપાલિકા જ્યાં ભાજપનું ખાતું નથી ખુલ્યું. નોંધનિય છે કે, સલાયામાં ભાજપે માત્ર ૧૨ ઉમેદવાર ઉભા રાખ્યા હતા. સલાયામાં કોંગ્રેસે વિજય મેળવ્યો છે.

## છોટા ઉદેપુરની ચૂંટણીમાં એક વોટે બદલ્યો ખેલ

(સંપૂર્ણ સમાચાર સેવા)છોટા ઉદેપુર

દરેક ચૂંટણીમાં લોકો પોતાની આળસના કારણે એક મતના મહત્ત્વને અવગણે છે. ત્યારે સ્થાનિક સ્વરાજની ચૂંટણીના પરિણામમાં આ એક મતનું મૂલ્ય લોકો સમજી શક્યા હતાં. અહીં છોટા ઉદેપુરના એક ઉમેદવાર ફક્ત એક મતથી જીત્યા છે. છોટાઉદેપુરની નગરપાલિકાના વોર્ડ નંબર ૫માં સમાજવાદી પાર્ટીના ઉમેદવાર મુફિસ શેખનો ફક્ત એક વોટથી વિજય થયો છે. નોંધનીય છે કે, છોટા ઉદેપુર નગરપાલિકાની કુલ ૭ વોર્ડની ૨૮ બેઠક પર ચૂંટાઈ હતી. જેમાં ભાજપ ૮ બેઠક, સપા ૬ બેઠક, બસપા ૪ બેઠક તેમજ કોંગ્રેસ ૧ બેઠક અને અન્યના ખાતામાં ૯ બેઠક આવી હતી.

સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં આ વખતે પણ ભાજપનો દબદબો યથાવત રહ્યો છે અને કોંગ્રેસના સૂપડા સાફ થઈ ગયા છે. રાજ્યમાં ૬૮ નગરપાલિકાની ચૂંટણીમાંથી ૬૨ નગરપાલિકામાં ભાજપનો વિજય થયો છે અને માત્ર ૧ બેઠક પર જ કોંગ્રેસ જીત હાંસલ કરી શકી છે. આ સિવાય સપા બે બેઠકો પર કિંગમેકર સાબિત થઈ છે. આ સિવાય ૨ બેઠકો પર અપક્ષ ઉમેદવારે પોતાનો દબદબો યથાવત રાખ્યો છે. તેમજ ડાકોર નગર પાલિકામાં ભાજપ અને અપક્ષ વચ્ચે ટાઈ થઈ છે.

નોંધનીય છે કે, ગુજરાતમાં ૬૮માંથી ફક્ત ૬૬ નગર પાલિકામાં જ ચૂંટણી યોજાઈ હતી. કારણકે, બે બેઠક પર ભાજપના ઉમેદવાર બિનહરીફ જાહેર થયા હતાં.

## આણંદ નગરપાલિકા ચૂંટણી પરિણામઃ ભાજપનો દબદબો

(સંપૂર્ણ સમાચાર સેવા)આણંદ

આણંદ જિલ્લાની ત્રણ નગરપાલિકા ઓડ, આંકલાવ અને બોરિયાવીની તાજેતરમાં યોજાયેલી ચૂંટણીના પરિણામો જાહેર થયા છે. જેમાં ભારતીય જનતા પાર્ટી (ભાજપ)એ બે નગરપાલિકામાં પોતાનો દબદબો જાળવી રાખ્યો છે, જ્યારે એક નગરપાલિકામાં અપક્ષોએ બાજી મારી છે. આ ચૂંટણી પરિણામોમાં ભાજપ માટે ખુશી અને ચિંતા બંનેના સંકેતો છે.

આણંદ જિલ્લાની ત્રણ નગરપાલિકા માટે તાજેતરમાં મતદાન થયું હતું અને આજે મતગણતરી હાથ ધરવામાં આવી હતી. મતગણતરીના અંતે જાહેર થયેલા પરિણામો મુજબ ઓડ અને બોરિયાવી નગરપાલિકામાં ભાજપે સ્પષ્ટ બહુમતી મેળવી છે, જ્યારે આંકલાવ નગરપાલિકામાં અપક્ષોનું શાસન સ્થપાશે.

નગરપાલિકા પરિણામો વિગતવારઃ

નગરપાલિકાઃ આંકલાવ
કુલ વોર્ડઃ ૦૬
કુલ બેઠકઃ ૨૪
ભાજપઃ ૧૦
કોંગ્રેસઃ ૦૦
અન્ય પક્ષઃ ૧૪

આંકલાવ નગરપાલિકામાં અપક્ષોએ સૌથી વધુ બેઠકો જીતી છે, જે ભાજપ માટે મોટો ઝટકો છે. અહીં અન્ય પક્ષો અને અપક્ષોના જોડાણથી શાસન રચાય તેવી શક્યતા છે.

નગરપાલિકાઃ બોરિયાવી
કુલ વોર્ડઃ ૦૬
કુલ બેઠકઃ ૨૪
ભાજપઃ ૧૫
કોંગ્રેસઃ ૦૬
અપક્ષઃ ૦૩

બોરિયાવી નગરપાલિકામાં ભાજપે સારું પ્રદર્શન કર્યું છે અને સ્પષ્ટ બહુમતી મેળવી છે. અહીં કોંગ્રેસ બીજા ક્રમે રહી છે અને અપક્ષોને પણ થોડી બેઠકો મળી છે.

નગરપાલિકાઃ ઓડ
કુલ વોર્ડઃ ૦૬
કુલ બેઠકઃ ૨૪
ભાજપઃ ૨૪
કોંગ્રેસઃ ૦૦
અપક્ષઃ ૦૦

ઓડ નગરપાલિકામાં ભાજપે ક્લીન સ્વીપ કર્યું છે. અહીં ભાજપે તમામ ૨૪ બેઠકો જીતીને વિરોધીઓને ખાતું પણ ખોલવા દીધું નથી. આ પરિણામ ભાજપ માટે મોટી જીત સમાન છે.

ઉલ્લેખનીય છે કે, આ વખતે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે કુલ ૭૦૩૬ ઉમેદવારીપત્રો દાખલ થયા હતા, જેમાંથી ૧૨૬૧ પત્રો અમાન્ય ઠર્યા, જ્યારે કે ૫૭૭૫ ઉમેદવારોની ઉમેદવારી માન્ય રાખવામાં આવી. જે બાદ ૪૭૮ ઉમેદવારોએ ઉમેદવારીપત્ર પરત ખેંચ્યા, જેના કારણે ૨૧૩ બેઠકો બિનહરીફ થઈ ગઈ. જેના પગલે હરિફાઇ હેઠળની બેઠકો માટે કુલ ૫ હજાર ૮૪ ઉમેદવારો ચૂંટણીના જંગમાં મેદાને ઉતર્યા હતાં.

## મહાકુંભ ૨૦૨૫ઃ ભારતીય રેલવે પૃથ્વી પરના સૌથી ભવ્ય આધ્યાત્મિક મેળાવડાની સુવિધા આપી રહી છે

પ્રયાગરાજમાં ૨૦૨૫માં યોજાનારા મહાકુંભ મેળામાં ૫૩ કરોડ પવિત્ર સ્નાન થયા છે, જે તેને વિશ્વનો સૌથી મોટો ધાર્મિક મેળાવડો બનાવે છે. દરરોજ લાખો શ્રદ્ધાળુઓ આવતા હોવાથી, ભારતીય રેલવે યાત્રાળુઓના સરળ પરિવહનનું સંચાલન કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે.

મહાકુંભ વિસ્તાર માટે છેલ્લા ૩ વર્ષમાં રૂા.૫,૦૦૦ કરોડના ખર્ચે મોટા પાયે લોજિસ્ટિક્સ પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે જેથી તમામ પ્રવાસીઓ માટે સરળ અનુભવ સુનિશ્ચિત થાય. આમાં અન્ય બાબતોની સાથે, અપગ્રેડ કરેલ રેલવે સ્ટેશન, ૧૩,૦૦૦ થી વધુ ટ્રેનો દોડાવવાની શેડ્યૂલ અને અદ્યતન ક્રાઉડ મેનેજમેન્ટ સિસ્ટમનો સમાવેશ થાય છે. ભારતીય રેલવે આ ભવ્ય આધ્યાત્મિક દર્શનની સુવિધા કેવી રીતે કરી રહી છે તેના પર એક નજર નાખો.

૧. મહાકુંભ ૨૦૨૫ માટે વિશાળ રેલવે સંચાલન

સીમલેસ મુસાફરી માટે ટ્રેન ડાયવર્ઝન

- મુસાફરોની અવરજવરને પ્રાધાન્ય આપવા માટે તમામ માલસામાન ટ્રેનોને ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર (DFC) માં ડાયવર્ટ કરવામાં આવી છે.
- શંટીંગ કામગીરીને ટાળવા માટે બંને બાજુએ ટ્રેન સેટ અથવા એન્જિન સાથે ૨૦૦ રેક્સ તૈનાત કરવામાં આવ્યા છે.

ટ્રેન સેવાઓની અભૂતપૂર્વ સંખ્યા

- ૨૬મી ફેબ્રુઆરી ૨૦૨૫ સુધી ૧૩,૦૦૦ ટ્રેનોનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાંથી ૧૨,૫૮૩ ટ્રેનો ૧૬મી ફેબ્રુઆરી ૨૦૨૫ સુધીમાં દોડી ચૂકી છે.
- પીક પેસેન્જર ફ્લોનું સંચાલન કરતી ઈન્ડિયન રેલવે :

૧૩મી જાન્યુઆરી ૨૦૨૫ થી, પ્રયાગરાજ કુંભ વિસ્તારમાં IR દ્વારા ૩.૦૯ કરોડ યાત્રાળુઓનું સંચાલન કરવામાં આવ્યું છે.

- ૧૭ મી તારીખે ૧૮.૬૦ લાખ મુસાફરો અને ૧૬ મી ફેબ્રુઆરી ૨૦૨૫ ના રોજ ૧૮.૪૮ લાખ મુસાફરોએ મુસાફરી કરી, જે છેલ્લા બે દિવસમાં સૌથી વધુ મુસાફરોની મુસાફરીમાંની એક છે.
- અન્ય મહત્વપૂર્ણ ટોચની તારીખોઃ

★ ૧૫ ફેબ્રુઆરીઃ ૧૪.૭૬ લાખ મુસાફરો

★ ૧૨ ફેબ્રુઆરીઃ ૧૭ લાખ મુસાફરો

★ ૧૦મી અને ૧૧ જાન્યુઆરીઃ ૧૪ લાખથી વધુ મુસાફરો

★ ૩૦ જાન્યુઆરીઃ ૧૭.૫૭ લાખ મુસાફરો

★ ૨૯ જાન્યુઆરીઃ ૨૭લાખ મુસાફરો

★ ૨૮ જાન્યુઆરીઃ ૧૪.૧૫ લાખ મુસાફરો

★ ૧૪ જાન્યુઆરીઃ ૧૩.૮૭ લાખ મુસાફરો

૨. રેલવે સ્ટેશનો પર પેસેન્જર સુવિધાઓ

શ્રદ્ધાળુઓના વિશાળ ધસારાને પહોંચી વળવા માટે, ભારતીય રેલવે એ નીચેની બાબતો સુનિશ્ચિત કરી છેઃ

સુધારેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર

- ભીડનું સંચાલન કરવા માટે બીજા પ્રવેશદ્વાર સાથે ૯ રેલવે સ્ટેશનો.
- સરળ મુસાફરોની અવરજવર માટે ૪૮ પ્લેટફોર્મ (PF) અને ૨૧ ફૂટ ઓવર બ્રિજ (FoB).

ભારતીય રેલવે એ વ્યાપક દેખરેખ પ્રણાલીના ભાગ રૂપે પ્રયાગરાજ મેળા ક્ષેત્રમાં નવ સ્ટેશનો પર ૧,૧૮૬ CCTV કેમેરા સ્થાપિત કર્યા છે.

- રાહ જોઈ રહેલા મુસાફરોનું સંચાલન કરવા માટે ૨૩ કાયમી હોલ્ડિંગ વિસ્તારો.

મુખ્ય સ્ટેશનો પર ૧૨ ભાષાઓમાં જાહેરાતોઃ

પ્રયાગરાજ, નૈની, છિવકી અને સુબેદારગંજ

ટિકિટિંગમાં સુધારો

- ટિકિટિંગ પ્રક્રિયાને સુવ્યવસ્થિત કરવા માટે ૧૫૧ મોબાઈલ યુટીએસ ટિકિટિંગ પોઈન્ટ સહિત ૫૫૪ ટિકિટિંગ વ્યવસ્થા.

૩. મુખ્ય રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડ

ભારતીય રેલવે એ સીમલેસ મુસાફરી સુનિશ્ચિત કરવા માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં ભારે રોકાણ કર્યું છેઃ

- મુખ્ય રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ માટે રૂા.૩,૭૦૦ કરોડનું રોકાણ, જેમાં નીચેનાનો સમાવેશ થાય છેઃ
- બનારસ-પ્રયાગરાજ રેલ ડબલિંગ, જેમાં નવા ગંગા બ્રિજનો સમાવેશ થાય છે.
- ટ્રેન ક્ષમતા વધારવા માટે ફાફામઉ-જાંઘાઈ રેલનું ડબલિંગ.
- રોડ અને રેલની ગતિશીલતા વધારવા માટે ૨૧ નવા રોડ ઓવર બ્રિજીસ (ROB) અને રોડ અન્ડર બ્રિજીસ (RUB).
- સરળ મુસાફરોના નેવિગેશન માટે રંગ-કોડેડ સિસ્ટમ

મુસાફરોની ઓળખ સરળ બનાવવા અને દિશા પ્રમાણે અલગ કરવા માટે યાત્રી આશ્રયો, હોલ્ડિંગ એરિયા અને ટિકિટોનું કલર કોડિંગ કરવામાં આવ્યું છેઃ

- લાલઃ લખનૌ, અયોધ્યા અને વારાણસી
- વાદળીઃ ડીડીયુ, સાસારામ, પટના
- પીળોઃ માણિકપુર, ઝાંસી, સતના, કટની (મધ્ય પ્રદેશ વિસ્તાર)
- લીલોઃ કાનપુર, આગ્રા, દિલ્હી

૪. મજબૂત સુરક્ષા અને ભીડનું સંચાલન

મુસાફરોની મોટી સંખ્યાને ધ્યાનમાં રાખીને, રેલ્વે અધિકારીઓએ વ્યાપક સુરક્ષા પગલાં અમલમાં મૂક્યા છેઃ

- મલ્ટીપલ સ્તરો પર સ્થાપિત નિયંત્રણ કેન્દ્ર
- સ્ટેશન લેવલ , ડિવિઝન લેવલ, ઝોનલ લેવલ અને રેલ્વે બોર્ડ લેવલ.
- સુરક્ષા ડિપ્લોયમેન્ટ
- ૧૩,૦૦૦ રેલવે પ્રોટેકશન ફોર્સ (RPF) કર્મચારીઓ.
- ૧૦,૦૦૦ સરકારી રેલ્વે પોલીસ (GRP) અને અર્ધલશ્કરી કર્મચારીઓ મુખ્ય સ્થળોએ તૈનાત છે.
- ટ્રેનની સરળ કામગીરી સુનિશ્ચિત કરવા માટે ૩,૦૦૦ રનિંગ સ્ટાફ નિયુક્ત.

મહાકુંભ ૨૦૨૫ માં ૫૩ કરોડ સ્નાન પૂર્ણ થયા પછી, ભારતીય રેલવે ખાતરી કરી રહ્યું છે કે લાખો શ્રદ્ધાળુઓ સલામત અને આરામથી મુસાફરી કરી શકે. ખાસ ટ્રેનોથી લઈને અદ્યતન ભીડ નિયંત્રણ પગલાં સુધી, રેલવે નેટવર્ક વિશ્વના સૌથી મોટા ધાર્મિક મેળાવડાને કાર્યક્ષમ રીતે સંભાળી રહ્યું છે.

## ૧૯ ફેબ્રુઆરીની અમદાવાદ-બરૌની એક્સપ્રેસ ટ્રેન રદ રહેશે

૧૯ ફેબ્રુઆરીની અમદાવાદ-બરૌની એક્સપ્રેસ ટ્રેન રદ રહેશે.

ઉત્તર મધ્ય રેલવે ના પ્રયાગરાજમાં આયોજિત મહાકુંભ દરમિયાન ટ્રેનોના સુગમ સંચાલનને ધ્યાનમાં રાખીને, અમદાવાદ-બરૌની-અમદાવાદ એક્સપ્રેસ રદ રહેશે. જેની વિગતો નીચે મુજબ છેઃ-

૧. ૧૯ ફેબ્રુઆરી ૨૦૨૫ ના રોજ અમદાવાદ થી ઉપડનારી ટ્રેન સંખ્યા ૧૯૪૮૩ અમદાવાદ-બરૌની એક્સપ્રેસ રદ રહેશે.

૨. ૨૧ ફેબ્રુઆરી ૨૦૨૫ ના રોજ બરૌની થી ઉપડનારી ટ્રેન સંખ્યા ૧૯૪૮૪ બરૌની-અમદાવાદ એક્સપ્રેસ રદ રહેશે.

ટ્રેનોના સમય, સ્ટોપેજ અને સંરચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

## ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. રાજુલ કે. ગજ્જરને ISTEની પ્રતિષ્ઠિત માનદ ફેલોશીપ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા



તા.૧૪મી ફેબ્રુઆરીએ પંજાબના રોપર ખાતે આવેલ લામરીનટેક સ્કિલ યુનિવર્સિટીમાં ઈન્ડિયન સોસાયટી ફોર ટેકનીકલ એજ્યુકેશનના ૫૪મો વાર્ષિક સમારોહમાં ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી (જીટીયુ)ના કુલપતિ ડૉ. રાજુલ કે. ગજ્જરને ઈન્ડિયન સોસાયટી ફોર ટેકનીકલ એજ્યુકેશન(ISTE), દિલ્હી દ્વારા તેની પ્રતિષ્ઠિત માનદ ફેલોશીપ આપવામાં આવી હતી.

આ સમારોહમાં પંજાબ સરકારશ્રના કેબિનેટ અને નાણાંમંત્રીશ્રી, AICTEના અધ્યક્ષશ્રી તેમજ ISTEના અધ્યક્ષશ્રીની ઉપસ્થિતિમાં કુલપતિ ડૉ. રાજુલ કે. ગજ્જરને આ માનદ ફેલોશીપથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

ડૉ. રાજુલ ગજ્જરને તકનીકી શિક્ષણના વિવિધ આયામો જેમ કે, NEP-૨૦૨૦ના અમલમાં જીટીયુ દ્વારા દેશભરમાં હરણફાળ, શિક્ષણમાં સ્કિલ બેસ્ડ ટ્રેનિંગના કોર્સિસ, તકનીકી સંશોધન અને શિક્ષણને ઉદ્યોગો સાથે સંલગ્ન કરવાનો પ્રયાસ, ઈનોવેશન ઈકોસિસ્ટમને પ્રોત્સાહન બદલ આ માનદ ફેલોશીપ પ્રદાન કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, ડૉ. ગજ્જરે દેશભરમાં AICTE અને NBA જેવી રેગ્યુલેટરી સંસ્થાઓના ઉચ્ચસ્તરીય કમિટીઓમાં અધ્યક્ષતા અને પ્રેરણાદાયક યોગદાનની પણ ISTE દ્વારા નોંધ લીધેલ છે. ઈન્ડિયન સોસાયટી ફોર ટેકનીકલ એજ્યુકેશન, દિલ્હીના ચેરમેનના અધ્યક્ષસ્થાને રચાતી સર્ચ કમિટી દ્વારા આ અંગે યોગ્ય ઉમેદવારોની શોધ કરીને આ ફેલોશિપ અપાતી હોય છે.

## "ફાલ્ગુન ફેરી" નિમિત્તે ૧૨મી માર્ચે પાલીતાણાથી બાન્દ્રા માટે વિશેષ ટ્રેન દોડાવવામાં આવશે

મુસાફરોની સુવિધા અને "ફાલ્ગુન ફેરી" નિમિત્તે પાલીતાણામાં થનાર ભીડને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવેએ પાલીતાણા-બાંદ્રા વચ્ચે વિશેષ ભાડા પર વિશેષ ટ્રેન ચલાવવાનો નિર્ણય કર્યો છે. ભાવનગર ડિવિઝનના સિનીયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર શ્રી માશૂક અહમદના જણાવ્યા અનુસાર આ ટ્રેનનું વિગતવાર વર્ણન નીચે મુજબ છેઃ બાંદ્રા ટર્મિનસથી પાલીતાણા માટે ચાલવાવાળી બાંદ્રા-પાલીતાણા સુપરફાસ્ટ સ્પેશિયલ ટ્રેન (૦૯૦૯૩) બાંદ્રા ટર્મિનસથી ૧૦.૦૩.૨૦૨૫ (સોમવાર)ના રોજ સાંજે ૧૭.૩૦ કલાકે ઉપડશે અને બીજા દિવસે સવારે ૦૬.૩૦ કલાકે પાલીતાણા પહોંચશે. એજ રીતે, વળતી વખતે પાલીતાણાથી બાંદ્રા ટર્મિનસ માટે ચાલવા વાળી પાલીતાણા-બાંદ્રા સુપરફાસ્ટ સ્પેશિયલ ટ્રેન (૦૯૦૯૪) પાલીતાણાથી ૧૨.૦૩.૨૦૨૫ (બુધવાર)ના રોજ સાંજે ૧૭.૧૦ કલાકે ઉપડશે અને બીજા દિવસે સવારે ૦૭.૨૫ કલાકે બાંદ્રા ટર્મિનસ પહોંચશે. આ ટ્રેન બોરીવલી, વાપી, ઉધના, વડોદરા, અમદાવાદ, બોટાદ, ધોળા અને સિહોર સ્ટેશન પર બંને દિશામાં ઉભી રહેશે. આ ટ્રેનમાં એસી ૩-ટાયર અને એસી ચેર કાર કોચ હશે. ટ્રેન નંબર ૦૯૦૯૩ અને ૦૯૦૯૪નું બુકિંગ ૧૯.૦૨.૨૦૨૫ (બુધવાર) થી પેસેન્જર રિઝર્વેશન સેન્ટર્સ અને IRCTC વેબસાઈટ પર શરૂ થશે. આ ટ્રેનના ઓપરેટિંગ સમય, સ્ટોપ અને સ્ટ્રક્ચર અંગેની વિગતવાર માહિતી માટે મુસાફરો www.enquiry.indianrail.gov.in વેબસાઈટની મુલાકાત લઈ શકે છે.

૧૯ ફેબ્રુઆરીઃ સોઈલ હેલ્થ કાર્ડ દિવસ

# ‘સ્વસ્થ ધરા, ખેત હરા’: ગુજરાતના ૨.૧૫ કરોડ ખેડૂતોને મળ્યા સોઈલ હેલ્થ કાર્ડ, આ અનોખી યોજના અમલમાં મૂકનારું પ્રથમ રાજ્ય

## ‘સોઈલ હેલ્થ કાર્ડ યોજનાએ ખાતરનો ખર્ચ ઘટાડવામાં મદદ કરી અને અમને પહેલાં કરતા વધુ સારી ઉપજ મળી’- ખેડૂત લાભાર્થી

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના ‘વિકસિત ભારત’ના વિઝનને સાકાર કરવાની દિશામાં સદૈવ અગ્રેસર રહેલું ગુજરાત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના દૃઢ નેતૃત્વ હેઠળ કૃષિ ક્ષેત્રે સતત પ્રગતિ કરી રહ્યું છે. ખેડૂતોની આવક વધારીને તેમને સશક્ત બનાવવા માટે તેમજ કૃષિ પાકોની ઉત્પાદકતા વધારવા માટે રાજ્ય સરકારે અનેક ખેડૂતલક્ષી યોજનાઓ અમલી બનાવી છે. ‘સ્વસ્થ ધરા, ખેત હરા’ના મંત્ર સાથે લાગુ કરવામાં આવેલી સોઈલ હેલ્થ કાર્ડ (SHC) યોજના હેઠળ આજ સુધીમાં ગુજરાતના ૨.૧૫ કરોડ ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ જારી કરવામાં આવ્યા છે.

ગુજરાત સોઈલ હેલ્થ કાર્ડ જેવી નવતર યોજના અમલમાં મૂકનારું પ્રથમ રાજ્ય

રાજ્યનો સર્વાંગી કૃષિ વિકાસ ગુજરાત સરકારની પ્રાથમિકતા રહી છે અને એટલે જ ખેતીયોગ્ય જમીનની યોગ્ય રીતે જાળવણી કરવા અને તેને ઉજ્જડ બનતી અટકાવવા માટે એક નવતર અભિગમના ભાગરૂપે ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૦૩-૦૪માં ‘સોઈલ હેલ્થ કાર્ડ યોજના’ અમલમાં મૂકી હતી. જમીન તંદુરસ્તીની અગત્યતાને પારખીને આ પ્રકારની અનોખી યોજના અમલમાં મૂકવા વાળું ગુજરાત દેશનું સૌપ્રથમ રાજ્ય બન્યું હતું.

ઉલ્લેખનીય છે કે, સોઈલ હેલ્થ કાર્ડ (SHC) યોજના અને તેના ફાયદાઓ વિશે જાગરૂકતા લાવવા માટે ભારત દર વર્ષે ૧૯ ફેબ્રુઆરીએ સોઈલ હેલ્થ કાર્ડ દિવસની ઉજવણી કરે છે.

શું છે સોઈલ હેલ્થ કાર્ડ?

સોઈલ હેલ્થ કાર્ડ યોજના હેઠળ, ખેતીલાયક જમીનનું સ્વાસ્થ્ય જળવાઈ રહે તે માટે નિર્ધારિત પદ્ધતિ અનુસાર ખેડૂતોના ખેતરમાંથી જમીનના નમૂનાઓ લેવામાં આવે છે અને પૃથ્થકરણ માટે તેમને જમીન ચકાસણી પ્રયોગશાળામાં મોકલવામાં આવે છે. ત્યાં નમૂનાનું પૃથ્થકરણ કરીને, સોફ્ટવેર આધારિત સોઈલ હેલ્થ કાર્ડ તૈયાર કરવામાં આવે છે.

સોઈલ હેલ્થ કાર્ડમાં જમીનમાં રહેલા વિવિધ પોષક તત્ત્વોની માત્રા દર્શાવે છે, જેમાં હાલ કુલ ૧૨ તત્વો (N, P, K, pH, EC, Fe, Cu, Zn, OC, S, B, Mn) નું પ્રમાણ દર્શાવવામાં આવે છે. જેને આધારે ખેડૂતોને કયા પ્રકારના ખાતર અને કેટલા પ્રમાણમાં ઉપયોગ કરવો, તેની વૈજ્ઞાનિક ભલામણ સોઈલ હેલ્થ કાર્ડ વિનામૂલ્યે મળી શકે છે. આ પ્રક્રિયાથી બિનજરૂરી કેમિકલયુક્ત ખાતરોના અતિશય ઉપયોગ ઘટે છે, જમીનની ફળદ્રુપતા જાળવી રાખવામાં સહાય મળે છે.

ગુજરાતમાં સોઈલ હેલ્થ કાર્ડ યોજનાનું વ્યાપક અમલીકરણ

ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શન અને નેતૃત્વ હેઠળ વર્ષ ૨૦૦૩-૦૪માં લૉન્ચ થયેલી આ યોજનાનો ઉદ્દેશ ખેડૂતોને તેમની જમીનની સ્થિતિ અંગે વ્યાપક માહિતી પૂરી પાડીને તેમને સશક્ત કરવાનો હતો. યોજના લાગુ કર્યા પછી, SHC યોજનાનો પ્રથમ તબક્કો ૨૦૦૩-૦૪થી ૨૦૧૦-૧૧ દરમિયાન અને બીજો તબક્કો ૨૦૧૧-૧૨થી ૨૦૧૫-૧૬ દરમિયાન પૂર્ણ કરવામાં આવ્યો હતો. પ્રથમ તબક્કામાં ગુજરાતના ૪૩.૦૩ લાખથી વધુ ખેડૂતોને અને દ્વિતીય તબક્કામાં આશરે ૪૬.૯૨ લાખથી વધુ ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ વિનામૂલ્યે આપવામાં કરવામાં આવ્યા. ગુજરાતમાં મળેલી સફળતા બાદ વર્ષ ૨૦૧૫-૧૬માં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશભરમાં “સોઈલ હેલ્થ કાર્ડ યોજના” અમલમાં મૂકી હતી. જે અંતર્ગત તૃતીય તબક્કામાં વર્ષ ૨૦૧૬-૧૭થી અત્યાર સુધીમાં ભારત સરકારની યોજના હેઠળ રાજ્યના ૧.૨૫ કરોડથી વધુ ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવ્યા છે.

‘સોઈલ હેલ્થ કાર્ડ યોજનાથી ખાતરનો ખર્ચ ઘટ્યો અને ઉપજમાં વધારો થયો’

છેલ્લા એક દાયકામાં આ યોજનાને કારણે ખેડૂતો તેમની જમીનમાં રહેલી મુખ્ય ખામીઓથી વાકેફ થયા છે અને સાથે જ સૂક્ષ્મ પોષકતત્વો ધરાવતા ખાતરોનો ઉપયોગ પણ વધાર્યો છે. અરવલ્લી જિલ્લાના ધનસુરા શહેરમાં રહેતા બાબુભાઈ વસરામભાઈ પટેલ નામના ખેડૂતે જણાવ્યું કે, “SHC યોજના હેઠળ તેમને માત્ર જરૂરી ખાતરોનો મર્યાદિત માત્રામાં ઉપયોગ કરવાની ભલામણ કરવામાં આવી હતી, જેને અનુસરવાને પરિણામે તેમને ખાતરનો ખર્ચ ઘટાડવામાં મદદ મળી હતી. આ પહેલથી તેમને પાકની વધુ સારી ઉપજ મળી અને ઈનપુટ ખર્ચમાં પણ ઘટાડો થયો.”

સોઈલ ટેસ્ટિંગ લેબોરેટરીની ક્ષમતા અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વધારવા માટે સરકાર પ્રયત્નશીલ

વર્ષ ૨૦૨૩-૨૪માં SHC પોર્ટલના આધારે ૧,૭૮,૬૩૪ માટીના નમૂનાઓ ઓનલાઈન એકત્રિત કરવામાં આવ્યા હતા અને ૧,૭૮,૨૮૬ નમૂનાઓનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. વર્ષ ૨૦૨૪-૨૫માં SHC યોજના હેઠળ ગુજરાત માટે ભારત સરકારનો ખરીફ ઋતુ માટેનો લક્ષ્યાંક ૩,૮૧,૦૦૦ નમૂનાઓનું પરીક્ષણ કરવાનો છે. ગુજરાત સરકાર પણ આ લક્ષ્યાંકને સમયસર હાંસલ કરવા માટે પ્રતિબદ્ધ છે, કારણકે ખરીફ-૨૦૨૪ સીઝન સુધીમાં ૩,૮૨,૨૧૫ નમૂનાઓ રાજ્ય સરકાર દ્વારા એકત્રિત કરી લેવામાં આવ્યા છે જે પૈકી ૩,૭૦,૦૦૦ જેટલા નમુનાઓનું પૃથ્થકરણ પૂર્ણ થઈ ગયેલ છે. ઉપરાંત રવિ-૨૦૨૫ સીઝનમાં ૨,૩૫,૪૨૬ નમૂનાઓ રાજ્ય સરકાર દ્વારા એકત્રિત કરી લેવામાં આવ્યા છે જે પૈકી ૧૩,૬૫૭ જેટલા નમુનાઓનું પૃથ્થકરણ પૂર્ણ થઈ ગયેલ છે. બાકીના નમૂનાઓની પરીક્ષણની કામગીરી પ્રગતિમાં છે.

આ લક્ષ્યાંકોને પહોંચી વળવા તેમજ સમયસર પૃથ્થકરણ કરીને સોઈલ હેલ્થ કાર્ડનું સમયસર વિતરણ સુનિશ્ચિત કરવા માટે સોઈલ ટેસ્ટિંગ લેબોરેટરીની ક્ષમતા અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વધારવા માટે સરકારના પ્રયાસો ચાલુ છે. જમીનના નમૂનાના પૃથ્થકરણ માટે અત્યારે ગુજરાતમાં કુલ ૧૯ જમીન ચકાસણી પ્રયોગશાળા તેમજ ૦૧ એક સૂક્ષ્મ તત્વ ચકાસણી પ્રયોગશાળા કૃષિ વિભાગ હેઠળ કાર્યરત છે. દરેક લેબોરેટરીની વાર્ષિક ૧૦,૦૦૦-૧૧,૦૦૦ નમૂનાઓનું પરીક્ષણ કરવાની ક્ષમતા છે. આ ક્ષમતા વધારવા માટે સરકારી સહાયથી ૨૭ ખાનગી સોઈલ ટેસ્ટિંગ લેબોરેટરી એટલે કે ગ્રામ્ય સ્તરની લેબોરેટરી પણ સ્થાપિત કરવામાં આવી છે. દરેક ખાનગી લેબોરેટરી પણ વાર્ષિક ૩,૦૦૦ જેટલા માટીના નમૂનાઓનું પરીક્ષણ કરવા માટે સજ્જ છે.

સોઈલ હેલ્થ કાર્ડ યોજના ખેડૂતોને તેમની જમીનને અસરકારક રીતે સમજવા અને તેમાં સુધારો કરવામાં, જમીનની ફળદ્રુપતા જાળવવા, ઉત્પાદકતા વધારવા અને તેમની જમીનને અનુરૂપ પાક ઉગાડવામાં મદદ કરે છે. આ ઉપરાંત, તે ઈનપુટ ખર્ચ ઘટાડે છે, આર્થિક વળતરમાં વધારો કરે છે અને ખેતી પ્રત્યે વૈજ્ઞાનિક અભિગમને પ્રોત્સાહન આપે છે.

---

બાવળામાં બસપા બની કિંગ મેકર

# ભાજપ અને કોંગ્રેસ બેમાંથી એકને પણ ન મળી બહુમતી

## નગરપાલિકાની ચૂંટણીમાં ૨૮ બેઠકમાંથી ભાજપને ૧૪ બેઠકો પર જીતનો સ્વાદ ચાખવા મળ્યો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)બાવળા

તાજેતરમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજની ચૂંટણીની મતગણતરી ચાલી રહી છે. અમદાવાદના બાવળા નગરપાલિકાની ચૂંટણીના પરિણામોએ બસપાને કિંગ મેકર બનાવી દીધી છે. નગરપાલિકાની ચૂંટણીમાં ૨૮ બેઠકમાંથી ભાજપને ૧૪ બેઠકો પર જીતનો સ્વાદ ચાખવા મળ્યો છે, જ્યારે કોંગ્રેસે ૧૩ બેઠકો પર કબજો જમાવ્યો છે. બહુમતી માટે ૧૫ બેઠકો જીતવી જરૂરી છે પરંતુ બંનેમાંથી એકપણ પક્ષને બહુમતી પ્રાપ્ત થઈ નથી. ત્યારે બસપા કિંગ મેકર બની શકે છે.

બાવળા નગરપાલિકાની ચૂંટણીની વાત કરવામાં આવે તો ૭ વોર્ડમાં ૨૮ બેઠકો પર ચૂંટણી યોજાઈ હતી અને જેમાં ૭૮ ઉમેદવારો મેદાને ઉતર્યા હતા. જેમાં ભાજપે ૧૪ બેઠકો, કોંગ્રેસે ૧૩ અને બસપાએ ૧ બેઠક પર જીત મેળવી છે. નગરપાલિકામાં સત્તા પર આરૂઢ થવા માટે ૨૮ માંથી ૧૫ બેઠકો જીતવી જરૂરી છે. ત્યારે બાવળમાં એકપક્ષને બહુમત પ્રાપ્ત થયો નથી. ત્યારે બાવળા નગરપાલિકાની ચૂંટણીમાં વોર્ડ નંબર ૭માં જીત પ્રાપ્ત કરનાર કાળુભાઈ ચૌહાણ કિંગ મેકર સાબિત થઈ શકે છે. કારણ ભાજપે ૧૪ બેઠકો પર વિજય મેળવ્યો છે. ત્યારે બસપાના કાળુભાઈ ચૌહાણ ભાજપમાં જોડાઈ જાય તો ભાજપની ૧૫ બેઠકો થઈ જાય અને બહુમતી મળતાં ભાજપ બાવળા નગરપાલિકા પર કબજો કરી શકે છે. તો બીજી તરફ ૧૩ બેઠકો પર જીત હાંસલ કરી છે. ત્યારે બસપાના કાળુભાઈ જો કોંગ્રેસમાં જોડાઈ જાય છે તો કોંગ્રેસની ૧૪ બેઠક થઈ જાય તો બંને પક્ષો વચ્ચે ટાઈની સ્થિતિ સર્જાઈ શકે છે. આવા સંજોગોમાં કોઈને પણ સ્પષ્ટ બહુમતી ના મળી કહેવાય. ત્યારે હવે બધાની નજર બીએસપી ના ઉમેદવાર કાળુભાઈ ચૌહાણ પર ટકેલી છે કે તે કોની સાથે જોડાશે. કાળુભાઈ કોંગ્રેસનો હાથ પકડશે કે પછી કમળનો સાથ આપશે એ તો આગામી સમય જ બતાવશે.

---

રાપરમાં પણ ભાજપની જીત

# કચ્છમાં ભચાઉની તમામ બેઠકો પર કમળ ખીલ્યું

## ભાજપની જીતથી રાપર ધારાસભ્ય વીરેન્દ્રસિંહ જાડેજા સહિતના નેતાઓ અને કાર્યકરોમા ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)કચ્છ

કચ્છની તમામ નગરપાલિકાના પરિણામ જાહેર થઈ ચૂક્યા છે. જેમાં ભચાઉની તમામ બેઠકો ભાજપનો વિજય થયો છે. બીજી તરફ રાપરમાં ૨૧ BJP જ્યારે ૭ બેઠક કોંગ્રેસની જીત થઈ છે. લાકડીયા તાલુકા પંચાયત બેઠક પર ભાજપની જીત થઈ છે. ઉમેદવાર હરિભા ગઢવીએ ૭૫૫ મતથી જીત મેળવી છે. ઉમેદવારોમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. ભાજપની જીતથી રાપર ધારાસભ્ય વીરેન્દ્રસિંહ જાડેજા સહિતના નેતાઓ અને કાર્યકરોમા ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

રાપર વિધાનસભા બેઠકના પૂર્વ ધારાસભ્ય સંતોકબેનના પતિ ભચુભાઈ આરેઠિયાએ સમગ્ર હારનો સ્વીકાર કર્યો હતો. કોંગ્રેસે ભચુભાઈ આરેઠિયા પર ચૂંટણી જવાબદારી સોપી હતી જેમાં તેઓ નિષ્ફળ રહ્યા છે અને હાર તેમણે સ્વીકારી છે. તેમણે કહ્યું હતું કે, ’રાપરની પ્રજાને રાપરમાં કોઈ પણ સમસ્યા નથી જણાતી જેથી તેઓએ ભાજપના ઉમેદવારોને મત આપીને વિજેતા બનાવ્યા છે. કોંગ્રેસે પાણીની સમસ્યા, કચરાની સમસ્યા, ગટરની સમસ્યા, રખડતા ઢોરોની સમસ્યાને લઈને ચૂંટણી લડી હતી પરંતુ રાપરના મતદારોને કોઈ સમસ્યા રાપરમાં ન હોય તેવી રીતે ભાજપના ઉમેદવારોને મત આપ્યા છે.’ ઉલ્લેખનીય છે કે, કચ્છ જિલ્લાની બે નગરપાલિકાની ચૂંટણી માટે ૧૬મી ફેબ્રુઆરીએ મતદાન પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જેમાં રાપર નગરપાલિકામાં ૬૨.૫૨ ટકા, ભચાઉમાં ૫૪.૬૫ ટકા મતદાન થયું હતું.

---

નવેમ્બરમાં બ્યુટીફીકેશન માટે ૧.૯૨ કરોડની મંજૂરી

# ઉનાળા પહેલાં જ આણંદનું લોટેશ્વર તળાવ સૂકાયું

## વરસાદી પાણી સૂકાઈ ગયા બાદ તળાવમાં નવું પાણી ભરવા બોરની વ્યવસ્થાના અભાવે તળિયું દેખાયું

(સંપૂર્ણ સમાચાર સેવા)આણંદ

આણંદના લોટેશ્વર તળાવના બ્યુટીફીકેશન માટે પાલિકા દ્વારા નવેમ્બર મહિનામાં રૂ.૧.૯૨ કરોડના કામની મંજૂરી આપવામાં આવી હતી. જોકે, તળાવમાંથી વરસાદી પાણી સુકાઈ જતાં ઉનાળા પહેલા જ તળાવ સુકુભઠ્ઠ થયું છે. નવું પાણી ભરવા માટે બોરની વ્યવસ્થા ન હોવાથી તળાવ સુકાઈ જતાં તેમાં જંગલી વનસ્પતિ ઉગી નીકળી છે. ત્યારે તળાવમાં સત્વરે ચોખ્ખુ પાણી ભરવામાં આવે તેવી માંગ ઉઠી છે. આણંદ નગરપાલિકા દ્વારા તા.૨૭ નવેમ્બરના રોજ યોજવામાં આવેલી સામાન્ય સભામાં લોટેશ્વર તળાવના બ્યુટીફીકેશન માટે રૂ.૧.૯૨ કરોડ તથા તળાવમાં ૬ મીની હાઈમાસ્ટ પોલ નાખવા માટે રૂ.૧૫ લાખના કામોને મંજૂરી આપવામાં આવી હતી. ત્યારબાદ નગરપાલિકા મહાનગરપાલિકામાં પરિવર્તિત થઈ ગઈ હતી. જોકે, ઉનાળાની શરૂઆત પહેલા જ લોટેશ્વર તળાવમાં પાણી સુકાઈ જતાં તળિયું દેખાઈ રહ્યું છે. તેમજ તળાવમાં જંગલી વનસ્પતિ અને ઘાસ ઉગી નીકળ્યા છે. દર વર્ષે તળાવના બ્યુટીફીકેશનના નામે કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે અને નેતાઓ ખાતમુહૂર્ત પણ કરે છે પરંતુ તળાવમાં પાણી ભરવાની કોઈ વ્યવસ્થા ન હોવાથી ઉનાળાની શરૂઆતથી જ તળાવ સુકાઈ જતું હોવાના આક્ષેપ શહેરીજનોએ લગાવ્યાં હતાં. તળાવમાં વરસાદી પાણી સુકાઈ ગયા બાદ ચોખ્ખુ પાણી ભરી, સહેલગાહનું સ્થળ બનાવવા તથા બોટિંગની સુવિધાઓ શરૂ કરવા શહેરીજનોએ માંગ કરી છે.

આ અંગે મનપાના મુખ્ય ઈજનેર પીનલ સાંગાણીએ જણાવ્યું હતું કે, તળાવમાં વરસાદી પાણીના સંગ્રહ માટે નીક મૂકવામાં આવી છે. જેના થકી તળાવમાં પાણીનો સંગ્રહ થાય છે. નવું પાણી ભરવા માટે બોરનું આયોજન કરવામાં આવ્યું નથી. જેથી વરસાદી પાણી સુકાઈ જતાં તળાવ સૂકું થઈ જાય છે.

---

સતત આઠમી વખત નગરપાલિકાની ચૂંટણી જીતી બનાવ્યો રેકોર્ડ

# બીલીમોરામાં અપક્ષ ઉમેદવારે કમાલ કર્યો

## પાંચ બેઠક અપક્ષ તો બે બેઠક કોંગ્રેસને મળી છે પરંતુ બીલીમોરામાં એક અપક્ષ ઉમેદવારે કમાલ કર્યો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવસારી

ગુજરાતમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજની ચૂંટણીના પરિણામો સામે આવી ગયા છે. નવસારી જિલ્લાની બીલીમોરા નગરપાલિકાની પણ ચૂંટણી યોજાઈ હતી. બીલીમોરામાં ૯ વોર્ડની ૩૬ બેઠકમાંથી ભાજપે ૨૯ બેઠકો જીતી સત્તા મેળવી છે. પાંચ બેઠક અપક્ષ તો બે બેઠક કોંગ્રેસને મળી છે. પરંતુ બીલીમોરામાં એક અપક્ષ ઉમેદવારે કમાલ કર્યો છે અને આઠમી વખત ચૂંટણી જીતી છે.

જનતા જ્યારે પ્રેમ આપે છે ત્યારે સામાન્ય માણસ પણ આસમાનની બુલંદી પર પહોંચી જાય છે. બીલીમોરા નગરપાલિકાની ચૂંટણીમાં પણ આવું જ કંઈક જોવા મળ્યું છે. જ્યાં સતત જનતા માટે દોડતા અપક્ષ ઉમેદવાર મલંગ કોલીયા સતત આઠમી વાર પાલિકાની ચૂંટણી જીત્યા છે અને ગુજરાતમાં અપક્ષ તરીકે આઠ વાર જીતવાનો રેકોર્ડ સ્થાપિત કરી દીધો છે.

બીલીમોરા નગરપાલિકાના અપક્ષ ઉમેદવાર મલંગ કોલિયા વર્ષ ૧૯૮૫ થી પાલિકાની ચૂંટણી લડતા આવ્યા છે. જ્યારે પ્રથમવાર મલંગ ચૂંટણી લડ્યા ત્યારે ગુજરાતના સૌથી નાના ઉમેદવાર હોવાની નામના તેમણે મેળવી હતી. મલંગે તેમના પિતાના વારસાને આગળ વધારી અને સતત ૪૦ વર્ષથી બીલીમોરા નગરપાલિકાના નગરસેવક તરીકે સેવા આપી રહ્યા છે. આ વર્ષે પણ મલંગ કોલીયાએ વોર્ડ નંબર ૫ માંથી અપક્ષ ઉમેદવારી નોંધાવી હતી. ગત ૧૬ ફેબ્રુઆરીએ મતદાન થયું અને આજે મતગણતરી કેન્દ્ર ઉપર ઈફ્સ ખૂલ્યા તો પાલિકાની ૩૬ બેઠકોના ઉમેદવારોમાં સૌથી વધુ ૨૨૦૦ થી વધુ મતો મલંગ કોલિયાના નામે નીકળ્યા હતા.

જેની સાથે જ મલંગભાઈએ ૮ મી વાર જીત પોતાના નામે કરી છે. સતત ૪૦ વર્ષોથી મલંગ બીલીમોરા નગરપાલિકામાં નગરસેવક તરીકે ચૂંટાઈ આવે છે. ગત ટર્મમાં મલંગ કોલિયા વિપક્ષી નેતા તરીકે રહ્યા હતા અને પાલિકામાં અનેક વિવાદિત કામોમાં સવાલો ઉઠાવી તે કામોને પૂર્ણ કરાવવા માટેના પ્રયાસો પણ કર્યા હતા. સાથે જ મલંગ કોઈપણ આપદા સમય ખડે પગે સેવા આપે છે. મલંગની સાધગી અને આ સેવાકીય સ્વભાવને કારણે વોર્ડ નંબર ૫ની જનતા તેમને સતત ચૂંટતી આવી છે.

---

શખ્સે હત્યાની કબૂલાત કરતા ગુનો

# નડિયાદમાં પત્ની સાથે આડાસંબંધનો વહેમ રાખી પતિએ મિત્રની હત્યા કરી

## લસુન્દ્રા હાઈવે પર લઈ જઈ, બોલાચાલી કરીને માથામાં લાકડાનો ડંડો ફટકારી મોતને ઘાટ ઉતાર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)નડીયાદ

નડિયાદમાં પત્ની સાથે આડા સંબંધનો વહેમ રાખીને પતિએ પોતાના મિત્રની લસુન્દ્રા હાઈવે ઉપર હત્યા નિપજાવી હતી. તેમજ પુરાવાનો નાશ કરવા લાશને કેનાલમાં ફેંકી દીધી હતી. કઠલાલ પોલીસે બિનવારસી કાર અંગે તપાસ કરતા શખ્સે હત્યા કરી હોવાનું કબૂલ્યું હતું. આ અંગે નડિયાદ પશ્ચિમ પોલીસે શખ્સ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. નડિયાદ પશ્ચિમમાં જય અંબે સોસાયટીમાં રહેતા અને ટ્રેક્ટરની ડીલરશીપનો ધંધો કરતા ધર્મેશભાઈ હસમુખભાઈ દરજી (ઉં.વ.૪૫)ને ગત તા.૧૫ ફેબ્રુઆરીની રાત્રે તેનો મિત્ર મેહુલ ભાનુભાઈ સુથાર ગાડીમાં બોલાવી ગયો હતો. લસુન્દ્રા હાઈવે ઉપર તેણે ગાડી ઉભી રાખતા બંને નીચે ઉતર્યા હતા. જ્યાં મેહુલે પોતાની પત્ની સાથે આડા સંબંધ હોવા બાબતે ધર્મેશ સાથે બોલાચાલી કરી હતી. બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા મેહુલે ધર્મેશભાઈના માથામાં પાવડાના લાકડાનો ડંડો મારી તેમની હત્યા કરી હતી. બાદમાં પુરાવાનો નાશ કરવા ધર્મેશભાઈની લાશને કેનાલમાં ફેંકી દીધી હતી. જોકે, સોમવારે લસુન્દ્રા કેનાલ નજીકથી બિનવારસી કાર મળી આવતા કઠલાલ પોલીસે તપાસ હાથ ધરી હતી. કારમાંથી ધર્મેશનો મોબાઈલ અને લાકડાનો ડંડો મળી આવ્યા હતા.

જેથી પોલીસે એફએસએલની ટીમ અને ડોગ સ્કવોડની મદદથી તપાસ હાથ ધરી હતી. તેમજ મેહુલની પૂછપરછ કરતા તેણે પોતાની પત્ની સાથે ધર્મેશને પ્રેમ સંબંધ હોવાનો વહેમ રાખીને હત્યા કરી હોવાની કબૂલાત કરી હતી. આ અંગે ધર્મેશના પત્ની નેહલબેન દરજીની ફરિયાદના આધારે નડિયાદ પશ્ચિમ પોલીસે મેહુલ સુથાર સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

---

દ્વારકાની તમામ ૨૮ બેઠક પર ભાજપની જીત

# સલાયા નગરપાલિકામાં ભાજપના સૂપડા સાફ થયા

(સંપૂર્ણ સમાચાર સેવા)સલાયા

સ્થાનિક સ્વરાજની ચૂંટણીના પરિણામો આજે જાહેર થઈ રહ્યા છે. સવારે ૯ વાગ્યાથી મતગણતરી શરૂ કરવામાં આવી હતી. જૂનાગઢ મહાનગરપાલિકા, ૬૮ નગરપાલિકા અને ૩ તાલુકા પંચાયતની ચૂંટણી માટે સરેરાશ ૫૭ ટકા મતદાન થયું હતું. સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીનો દબદબો જોવા મળી રહ્યો છે. પરંતુ સલાયા નગરપાલિકામાં ભાજપના સૂપડા સાફ થયા છે. અહીં ભાજપનું ખાતું પણ નથી ખુલ્યું. સલાયા નગરપાલિકામાં

સલાયા નગરપાલિકા પરિણામ

ભાજપ - 0

કોંગ્રેસ - 15

AAP - 13

AIMIM - 0

સલાયા નગરપાલિકામાં ૭ વોર્ડની ગણતરી પુર્ણ થઈ છે. અહીં ૨૮ ઉમેદવારોનું પરીણામ જાહેર કરવામાં આવ્યું છે. કોંગ્રેસનો ૨૮ માંથી ૧૫ બેઠકો પર ભવ્ય વિજય થયો છે. સલાયા પાલિકામાં કોંગ્રેસની બોડી રચાશે.આમ આદમી પાર્ટીએ અહીં શાનદાર પ્રદર્શન કર્યું છે.

દ્વારકામાં પણ ભાજપનો દબદબો જોવા મળી રહ્યો છે. અહીં તમામ ૨૮ બેઠક પર ભાજપે કબ્જો કરી લીધો છે. શરૂઆતના વલણમાં જ ભાજપ અગ્રેસર ચાલી રહી છે.૫ પેનલમાં કબ્જા બાદ ચિત્ર સ્પષ્ટ થયું અને આખરે દ્વારકાની તમામ બેઠક પણ કમળ ખીલ્યું છે. જાફરાબાદ નગરપાલિકાની ચૂંટણીમાં ભાજપની ભવ્ય જીત થઈ છે. ભાજપની તમામ બેઠક ઉપર જીત થઈ હતી. ભાજપની ૧૬ બેઠકો અગાઉ બિનહરીફ થઈ હતી. આજે ૧૨ બેઠક ભાજપનાં ફાળે આવી છે. આ રીતે ભાજપે ૨૮ બેઠકો કબજે કરી છે. જાફરાબાદમાં કોંગ્રેસના સુપડાસાફ થયા છે. ધારાસભ્ય હીરાભાઈ સોલંકીએ તમામ મતદારોનો આભાર માન્યો હતો.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ૫૭૭૫ દાવેદારો મેદાનમાં ઉતર્યા હતા અને કુલ ૩૬ લાખ ૭૧ હજાર ૪૭૯ મતદારોને મતાધિકાર મળ્યો હતો. રાજ્યમાં પાલિકા-પંચાયતના યોજાયેલા મતદાનમાં ઘણા મતદાન મથકો પર મતદારોની લાંબી લાંબી કતારો પણ જોવા મળી હતી.

ઉલ્લેખનીય છે કે, આ વખતે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે કુલ ૭૦૩૬ ઉમેદવારીપત્રો દાખલ થયા હતા, જેમાંથી ૧૨૬૧ પત્રો અમાન્ય ઠર્યા, જ્યારે કે ૫૭૭૫ ઉમેદવારોની ઉમેદવારી માન્ય રાખવામાં આવી.

જે બાદ ૪૭૮ ઉમેદવારોએ ઉમેદવારીપત્ર પરત ખેંચ્યા, જેના કારણે ૨૧૩ બેઠકો બિનહરીફ થઈ ગઈ. જેના પગલે હરિફાઈ હેઠળની બેઠકો માટે કુલ ૫ હજાર ૮૪ ઉમેદવારો ચૂંટણીના જંગમાં મેદાને ઉતર્યા હતાં.

---

# જૂનાગઢમાં કોંગ્રેસના વિજય સરઘસ પર પથ્થરમારો

(સંપૂર્ણ સમાચાર સેવા)જૂનાગઢ

ગુજરાતમાં જૂનાગઢ મહાનગર પાલિકાની યોજાયેલી ચૂંટણીનું પરિણામ આવી ગયું છે. જૂનાગઢ મનપામાં ભારતીય જનતા પાર્ટીએ કબજો કર્યો છે. ભાજપે પ્રચંડ જીત સાથે હેટ્રિક ફટકારી છે. જૂનાગઢ મનપાની ૬૦ બેઠકોમાંથી ભાજપના ફાળે ૪૮ જેટલી બેઠકો આવી છે. જ્યારે કોંગ્રેસને ૧૧ બેઠકો પર જીત મળી છે. ચૂંટણીમાં જીત બાદ વિજય સરઘસ દરમિયાન જૂનાગઢમાં બબાલ પણ થઈ છે. જૂનાગઢ મનપાની ચૂંટણીમાં વિવાદ થયો છે. વોર્ડ નંબર આઠમાં કોંગ્રેસના વિજય સરઘસ દરમિયાનવિવાદ થયો હતો. અહીં આમ આદમી પાર્ટી અને કોંગ્રેસના કાર્યકરો વચ્ચે માથાકૂટ થઈ હતી. આ દરમિયાન એક મહિલા કોન્સ્ટેબલને ઈજા પણ પહોંચી છે. પોલીસે ઘટનાસ્થળે પહોંચી ત્રણ લોકોની અટકાયત કરી હતી.જૂનાગઢમાં કોંગ્રેસના ઉમેદવારે જીત બાદ ઉજવણી કરી હતી. વિજય સરઘસમાં પથ્થરમારાની ઘટના સામે આવી છે. કોંગ્રેસના વિજય સરઘસમાં પથ્થરમારો કરવાની ઘટના સામે આવી છે. બીજીતરફ વાંકાનેરમાં પણ વિવાદના સમાચાર સામે આવ્યા છે. વાંકાનેરમાં વોર્ડ નંબર છમાં ભાજપ અને આમ આદમી પાર્ટીના કાર્યકરો વચ્ચે મારામારી થવાના સમાચાર છે. ફટાકડા ફોડવા બાબતે અહીં બબાલ થઈ હતી.બીજીતરફ જૂનાગઢ મનપાના વોર્ડ નંબર નવમાં કોંગ્રેસના ઉમેદવાર મહિપાલસિંહ બસિયાની હાર થઈ છે.

---

ગોમતીપુરના દંપતીએ સુરતના એક શખ્સ પાસેથી ગાંજો વેચવા લીધો હતો

# ઘરની તિજોરીના લોકરમાં છૂપાવેલા ૪ કિલો ગાંજા સાથે દંપતીની ધરપકડ

## આ દંપતીએ ઘરમાં તિજોરીના લોકરમાં એક સ્કૂલ બેગ મૂકી હતી અને તેમાં ગાંજો છુપાવ્યો હતો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ગોમતીપુર વિક્રમ મિલની ચાલીમાં ગાંજા સાથે દંપતી ઝડપાઈ ગયું છે. આ દંપતીએ ઘરમાં તિજોરીના લોકરમાં એક સ્કૂલ બેગ મૂકી હતી અને તેમાં ગાંજો છુપાવ્યો હતો. આ જથ્થો સુરતના એક શખ્સ પાસેથી લીધો હોવાનું ખૂલતા તેની સામે પણ ગુનો નોંધાયો છે.ગોમતીપુર પોલીસના સર્વેલન્સ સ્કવોડના પીએસઆઈ કે.એમ. ચૌધરીએ બાતમીના આધારે આ દરોડો પાડ્યો હતો. રૂ.૪૨ હજારના ૪.૨૯૨ કિલો ગાંજા સાથે દંપતીની ધરપકડ થઈ છે. ગોમતીપુરમાં આવેલી વિક્રમ મિલની ચાલીમાં રહેતા સૂરજ ઉર્ફે ટકલો દિવાકર (ઉં. ૨૯) અને સીમા સૂરજ દિવાકર (ઉં. ૨૬) ઘરેથી ગાંજાનો ગેરકાયદે ધંધો કરતા હોવાની બાતમી પોલીસને મળી હતી. તેના આધારે દરોડા પાડવામાં આવ્યો હતો. બેડરૂમમાં લોખંડની તિજોરીના લોકરમાં સ્કૂલ બેગ મળી હતી. તે ખોલતાની સાથે જ ગાંજાનો જથ્થો મળ્યો હતો. દંપતી સુરતથી આ ગાંજો વેચવા લાવ્યા હતા. પ્લાસ્ટિકની ઝીપર બેગમાં ભરી ગાંજો વેચવામાં આવતો હતો.પૂર્વ અમદાવાદ અને તેમાંય ખાસ કરીને ગોમતીપુરમાં આવેલી કેટલીક ચાલીમાં આ જ પ્રકારે નશાની દુકાનો ધમધમી રહી છે. અનેક વખત લોકોએ સ્થાનિક પોલીસને રજૂઆત કરી છે છતાં પણ નશાના કાળા કારોબાર ચલાવનારા તત્ત્વો સામે કોઈ દાખલારૂપ કામગીરી કરવામાં આવી હોય તેવું જાણાયું નથી.